
vitraag vigyaan

# અનન્ય પરિવર્તન

March 2018, Mumbai • Volume 8 • Issue 2



શ્રીમદ્ રાજચંદ્ર
આત્મ તત્વ
રિસર્ચ સેન્ટર,
ગદુલા, છત્તીસગઢ
ભૂમિ પૂજન મહોત્સવ
માર્ચ ૨૦૧૮

## શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રિસર્ચ સેન્ટર, ગદુલા, છત્તીસગઢ
## ભૂમિ પૂજન મહોત્સવ - માર્ચ ૨૦૧૮










With Best Compliments From

Paryushan Parva - Aatmasiddhi Quiz Mumukshu

# અનુક્રમણિકા




પ્રાર્થના ...................................... ૩
પત્રોની પાંખે .............................. ૪
જ્ઞાન સાગર ................................ ૫
पूज्यश्री की अमृतवाणी................ ૯
The Master's Voice................ ૧૨
સત્પુરુષાર્થ.................................. ૧૫
प्रेरक प्रसंग................................. ૧૭
પ્રશ્નોત્તરી ........................................................................ ૧૮
શ્રી રાધાવતાર ............................................................ ૨૦
અમે તો રીઢા ગુનેગાર, જનમ જનમના .......................... ૨૪
धन्य धरा राजनंदगाँव में
SRATRC भूमि पूजन महोत्सव ...................... ૨૬
ધારાવાહિક નવલિકા ........................................ ૨૮
एक प्रेरणात्मक सत्य कथा ............................ ૩૨
એક નાની વાર્તા ........................................ ૩૩
સમાધિ મરણ ........................................ ૩૪
ઉત્સાહી ................................................ ૩૬
RIYF ................................................ ૩૭
પૂજ્યશ્રી એ આપ્યું સમકિતનું સરનામું............ ૩૯
સંબંધોના સથવારે .................................... ૪૨
Monday Motivation........................ ૪૪
Health To Happiness ..................... ૪૫
Recent News .............................. ૪૬
Kidzone .................................... ૪૮
તત્ત્વ પહેલી .................................. ૪૯
Testy Bites .............................. ૫૦
Forthcoming Events &
From Us to You ...................... ૫૧
Sponsorship ......................................... ૫૨




# EDITORIAL

આત્માર્થ સાધી રહેલાં ભાગ્યશાળી જીવોને તેમની સાધનામાં મદદરૂપ થઈ શકે તેના નિમિત્તો પ્રભુકૃપાએ મળી જતાં હોય છે.

છત્તીસગઢ રાજ્યમાં રાયપુર રાજનંદગાંવના જીજ્ઞાસુઓના બળવાન ભાવોના ફળરૂપે રાજનંદગાંવથી ફક્ત ૬ કિ.મી.ના અંતરે ''ગદુલા''ગામમાં ભારતની સૌ પ્રથમ શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરની શાખાના ભૂમિ પૂજનનું ભવ્ય આયોજન તા. ૫ માર્ચ ૨૦૧૮ના મંગળ દિને પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી અને પૂજ્યશ્રી નિલેશભાઈ તથા ટ્રસ્ટીગણો અને મહેમાનોની હાજરીમાં સંપન્ન થયું. ૬ એકર જમીન પર સ્વાધ્યાય હૉલ, ૩૭ રહેવાના ઓરડાઓ, ભોજનશાળા વિગેરેની યોજના બની છે. શ્રીમદ્ રાજચંદ્ર આત્મ રીસર્ચ સેન્ટર માટે આ એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ઘટના છે. ભગવાન મહાવીર અને શ્રીમદ્ રાજચંદ્રે પ્રરૂપેલા તાત્વિક સિદ્ધાંતોને સમજવા અને પ્રયોગમાં મૂકી આત્મતત્વનાં સંશોધન માટે આ શાખા ઘણી જ ઉપયોગી બની રહેશે. ભૂમિ પૂજનનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં આપેલ છે.

ભૂમિ પૂજન મહોત્સવના દિવસોમાં આ બાજુ - એટલે કે પર્લી ખાતે પ્રેમલક્ષણા ભક્તિના વિષય પર એક શિબિરનું આયોજન થયેલ જેમાં રાધા-કૃષ્ણ, ઉદ્ધવ - કૃષ્ણના ભક્તિ પ્રસંગોની સાથે નારદ ભક્તિ સૂત્રોમાંથી ભક્તિ વિષેની સમજણ સૌએ જાણી અને માણી. પૂજ્યશ્રી દ્વારા ભક્તિના સિદ્ધાંતો છેલ્લા ઘણાં વર્ષોથી જ્ઞાન સાગર કોલમમાં આપણે સમજીએ છીએ. જ્ઞાન વિનાની ભક્તિ આંધળી છે અને ભક્તિ વિનાનું જ્ઞાન પાંગળું છે એ જ્યારે જીવને સમજાય ત્યારે જ્ઞાન અને ભક્તિનો સુંદર સમયન્વય થાય અને સમ્યક્ સમજણ આવે.

પૂજ્યશ્રીની અમૃતવાણીમાં ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થનો યથાર્થ અર્થ પત્રાંક ૯૭ના વિવેચનમાં આપણે જોઈએ તો આપણી ભૂલો ક્યાં થાય છે એ સમજાય. માસ્ટર્સ વૉઈસમાં વચનામૃત પત્રાંક ૧૩૨ના વિવેચનમાં પૂજ્યશ્રીએ પોતાની આગવી શૈલીમાં ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે કે સત્પુરુષ સાથેની એક ક્ષણ પણ નૌકા સમાન છે જે જીવને ઠેઠ સુધી પહોંચાડી શકે.

આત્માર્થી આંકાક્ષીઓ માટે કરુણાવંત પૂજ્યશ્રીએ એક વિશિષ્ટ સ્વાધ્યાય કોર્સ, ''ઉત્સાહી'' આપ્યો છે અને સૌ બ્રહ્મ મુહુર્તમાં વાંચન-સ્વાધ્યાયમાં ઉત્સાહથી મંડી પડ્યા છે અને પુરુષાર્થના આનંદ સાથે જ્ઞાન વૃદ્ધિ કરી રહ્યા છીએ.

।। સત્ પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો।।

હે સદ્‌ગુરુદેવ ! જેમ અર્જુનથી શ્રીકૃષ્ણની
અને શ્રી અંબાલાલભાઈ તથા શ્રી સૌભાગભાઈ
જેવા સુશિષ્યથી પરમ કૃપાળુ દેવની ઓળખાણ
જગતના જીવોને થઈ...

એમ આપ અમારા સહૃદયચી બનો જેથી
અમે આપને યથાર્થ ઓળખી આપની
સાચી ઓળખાણ જગતને આપી શકીએ.

આપના અરાગાત્મક આંદોલનો અમારા
પાર્થિવ ભાવોને (રાગ-દ્વેષને) ક્ષય
કરાવી અમારી આત્મિક ચેતના જાગૃત
કરે એ માટે આપના સમાગમની વારંવાર પ્રાપ્તિ થાય...

જેથી અમારી ચેતના શક્તિમાં ક્રિયાત્મક
ફેરફાર આવે એવી આ બાળની વિનંતી સ્વીકારશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સૌજન્ય : સુજલ ચંદ્રકાંત પટેલ, બરોડા

# પત્રોની પાંખે

***નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.***

પ્રિય,

હમણાં હમણાં તમારી ઘણી વ્હાલસોયી પરચીઓ મળી, જેમાં આત્મસિદ્ધિના વાંચન પછીના વિચારો દર્શાવ્યા છે. ઘણાં પ્રયત્ન છતાં મારાથી કંઈ જ લખાતું નથી તો ક્ષમા સિવાય બીજું શું આપશો.

લીટી મોકલેલી તેનો અર્થ જે કર્યો તે બરાબર જ છે. ''સર્વ પ્રશ્નોના જવાબ મુમુક્ષુ પરમાર્થનાં જ આપે'' તે વાત બરાબર કરી. મળશો ત્યારે બીજો અર્થ, ''એક શબ્દ''ના અર્થે જણાવીશ.

''સંસાર સુખે કરીને રસે ભોગવવો અને મોક્ષ માર્ગે આગળ વધવું'' મહાજ્ઞાનીઓને દુષ્કર છે તો જે જીવની વિચારદશા પણ ઉત્પન્ન નથી થઈ તે કેમ આગળ વધે ?

''સર્વજ્ઞ ભગવાનનું શરણ આપણે ગ્રહણ કર્યું હોય, પરંતુ સર્વજ્ઞે તે આપ્યું ન હોય તો કંઈ જ કાર્યકારી ન થાય તો પણ વિચારવું.'' ભગવાન તેને આપે છે, જે નિશ્ચયે કરી, પુરુષાર્થ કરી, પ્રમાદ રહીત થાય છે.

ભલે, હમણાં કરવી ઈચ્છા નથી, પણ પછી કરીશ અને જ્ઞાનીથી મહાવીર સુધીના સર્વને શરણું છે. તો શું ફિકર તેમ જણાવો છો. માટે ઉપરનો પેરા વાંચશો. જેની ઈચ્છાએ કરી કંઈ કરવાની ધગશ નથી તેવા જીવને માટે કરૂણા સિવાય કયો ભાવ આવે ?

હે પ્રભુનાં દોહરામાંથી નીચેના વચનો પ્રત્યે તમારો લક્ષ થયો છે તો, તે વચન સમજી, **આચરી તે રૂપ તેવા થજો, આશિષ છે. નહિ વિરહનો તાપ, જુઓ પ્રભુ મુજ કર્મ; કરે બાહ્ય પર રાગ; સ્વધર્મ સંચય નહીં; ગ્રહો પ્રભુજી મુજ હાથ, ઉગ્યો ના અંશ વિવેક, પ્રભુ પ્રભુ લય લાગી નહી; અધમાધમ - સકળ જગતમાં હુંય; દ્રઢતા કરી દેજ.**

ઉપરના વાક્યમાં નિશ્ચયબળની ખામી જણાવેલ - કારણે તેં લખેલ ઈચ્છા થતી નથી. અને સ્લીપના બીજા પાને જ દ્રઢતા, ચરણ સેવા અને નિશ્ચય થયો છે. કમાલ છે સ્લીપનું બીજું પાનું લખતા ભાવો ફર્યા છે. આમ ગમે તે પ્રકારે (સ્લીપ લખીને, વિચારીને, સ્મરણ કરીને, ગપ્પાં મારીને) 'ઉપયોગમાં' રહેશો તો બળ મળ્યાજ કરશે. ભગવાન દયાળુ છે જ. ફક્ત આપણે દિવસના મોટા ભાગમાં આ ભાવો...

(અધૂરો પત્ર)

**એજ લિ.**

**આત્મભાવે વંદન.**

# ભક્તિના સાધનો અને પ્રાર્થના ક્રમ

## પ્રાર્થનાની પાંચમી અવસ્થા



**પ્રાર્થનાની પાંચમી અવસ્થાની ભૂમિકામાં ભવ્ય પ્રાર્થનાકાર ભક્તને દેહ અને આત્માના ભિન્ન ભિન્ન સ્વરૂપની પ્રતીતિ થતાં સ્વાત્માનુભવરૂપ સમ્યગ્ દર્શન-જ્ઞાનની અપૂર્વ પ્રાપ્તિ થઈ.**

**''તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્તન હોય, પરંતુ તેને તીવ્ર બંધન નથી. અનંત સંસાર હવે નથી, સોળમો ભવ નથી, અભ્યંતર- અંતરના ઊંડાણમાં દુઃખ નથી, શંકાનું નિમિત્ત નથી, અંતરંગમાં મોહની નથી.**

**સત્ સત્ નિરુપમ, સર્વોત્તમ શુક્લ, શીતળ, અમૃતમય, દર્શનજ્ઞાન, સમ્યક્ જ્યોતિર્મય ચિરકાળ આનંદની પ્રાપ્તિ, અદ્ભુત સત્સ્વરૂપ દર્શિતાની બલિહારી છે !જ્યાં મતભેદ નથી, જ્યાં શંકા, કંખા, વિતિ-ગિચ્છા, મૂઢ દ્રષ્ટિ એમાનું કાંઈ નથી, છે તે કલમ લખી શકતી નથી, કથન કહી શકતું નથી, મન જેને મનન કરી શકતું નથી.**

સમકિતની જો એકવાર પ્રાપ્તિ થઈ હોય તો પછી ગમે તેવું ક્રોધ, માન, માયા, લોભ કે પાંચ ઈંદ્રિયો તેમાં ગમે તેવાં તીવ્રભાવથી પ્રવર્તન કરે તો પણ જીવને તીવ્ર બંધન નથી. પણ આની ઉપર ઘણું બધું વિચાર કરવા જેવું છે કે તીવ્ર કર્મબંધન નથી એટલે શું ? અમુક કર્મ અજ્ઞાનદશામાં જે બાંધ્યા હોય એ ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી આત્માને છોડે નહીં અને એ કર્મ ૭૦કોડાકોડી સુધી જો ઉદયમાં ન આવે તો તેટલું લાંબુ પરિભ્રમણ છે. હવે જે કર્મ બંધાય એના

**સૌજન્ય : જયેશભાઈ રૂપાણી, મુંબઈ**

રસ અને સ્થિતિ એટલાં ઓછા હોય કે થોડા સમય, બીજા ભવની અંદર કે વધારેમાં વધારે ત્રીજા ભવની અંદર એ કર્મને હાજર થવું પડે; મારવાની શક્તિ આપણને આવી ગઈ છે.

જીવ ગમે તેવા પ્રસંગમાં એકરૂપ થઈ ગયા પછી એ પ્રસંગમાંથી બહાર નીકળે ત્યારે ચોક્કસ વિચાર કરશે જ, 'આવું નહોતું થવું જોઈતું, થઈ ગયું.' કર્યું હોય તો ભયંકર પશ્ચાતાપ ચાલે, હજીએ કેમ આમ થાય છે ? એ વર્ષો સુધી ચાલે, બીજા બે ચાર ભવ સુધી પણ ચાલે, આ છે સમકિતનું બળ. હવે શાંતિથી સુખ ભોગવી શકું એ બને જ નહીં, સુખ ભોગવ્યા પછી રડવું પડે. પશ્ચાતાપ ન થાય એ અસંભવ છે. સમકિતની આ એક ખૂબી છે.

**કોઈપણ ક્રિયા થાય ત્યારે આ ભાવ તો રહે જ કે,' તીવ્રભાવથી આ ક્રિયા મારાથી થઈ ગઈ, આવું મારે ન કરવું જોઈએ, મારી ભૂલ છે, મારી ભૂલ છે, મારે પાછા ફરવું છે.' આ સમકિતની ખૂબી છે.**

એવો જે અનુભવ છે તે આત્મરસ કે આત્મજ્ઞાનનો અનુભવ કહીએ એટલે કે આ જેને અનુભવ છે એ વ્યક્તિ ખાલી જાણી શકે; બીજાના આવા અનુભવ હોય એ જાણી શકે. જેવી રીતે બે મૂંગા ભેગા થાય તો બોલ્યા વગર બધું કહી દે અને એકબીજાની વાત સમજી પણ જાય. માટે કૃપાળુદેવનાં શબ્દોમાં આ મૂંગાની વાણી છે, મોઢેથી બોલી શકાય એવું નથી, પણ ચોક્કસ ચોક્કસ સમજી શકાય એવું છે.

**આત્માની આત્મામાં સમ્યક્પ્રતીતિ આવતાં પૂર્વના અને ઉત્તરના પરિણામોમાં જે અગત્યના ફેરફાર થાય છે તે સમકિતી ભક્તને અનુભવમાં આવે છે. શમ, સંવેગ, નિર્વેદ, દયા, શાંતિ, ક્ષમા અને સમતા એ આદિ ગુણો વર્ધમાન થતાં જાય છે.**

સમક્તિ પહેલાં આત્માનાં ભાવોની જે પરિણતી હતી અને સમક્તિની પ્રાપ્તિ પછી જે છે તેમાં આસમાન-જમીનનો ફરક હોય છે. આ સમક્તિ ભ્રાંતિવાળું છે કે સાચું છે એની ચકાસણી છે. સમક્તિનાં ગુણો શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા.... તો કોઈપણ ક્રિયા થાય ત્યારે આ ભાવ તો રહે જ કે,' તીવ્રભાવથી આ ક્રિયા મારાથી થઈ ગઈ, આવું મારે ન કરવું જોઈએ, મારી ભૂલ છે, મારી ભૂલ છે, મારે પાછા ફરવું છે.' આવો જો વિચાર ન આવતો હોય તો સમક્તિ નથી. દરેક વખતે, પ્રસંગે આ યાદ રહેતું હોય તો 'શમ' છે. સંસારના કાર્યોમાં જેટલા વધારે ડૂબેલા રહીએ એટલું વધારે જોર ચડે, 'આ સંસાર હવે ક્યારે જલ્દી છૂટે.' બીજા શબ્દોમાં એમ કહીએ સંસારમાં એવી તીવ્ર પ્રવૃત્તિ થઈ જાય અને એ પ્રવૃત્તિથી નિવૃત્તિ આવે ત્યાં સમાધિ હાજર થઈ જાય. 'એકત્વ ભાવના' બીજા કોઈનાં સંગ વગર આત્મા પોતાના સ્વભાવમાં રહે એવો ભાવ. હવે એકાંતમાં શાંત થઈનેબેસીએ બધાને મળવું ગમતું નથી.

સંસારની ક્રિયામાં પ્રવર્તન થઈ જાય તો તરત જ ત્યાંથી પાછા ફરી અને આ બધા ભાવો ક્રમશઃ જેવો પ્રસંગ એ પ્રકારે દયા, શાંતિ વિગેરે હાજર ચોક્કસ થાય.

**તેનું ફળ આ પ્રમાણે જોવા મળે છે.**

**૧. પ્રકૃષ્ટ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતાની શાંત અને સ્થિર સ્થિતિમાં રહી પરિણમે એવી વૃત્તિ રહે છે.**

સંસારમાં ગમે તેવા કામો કરતાં હોઈએ છતાં અંતરની અંદર વૃત્તિ એજ રહે છે કે જેવો આનંદનો અનુભવ એકવાર મને થઈ ગયો છે, એવો જ અનુભવ બીજી વાર થાય. સંસારમાં ગમે તે જાતનું વર્તન થતું હોય તો પણ અંતરના ઊંડાણની અંદર આ ભાવ રહ્યાં કરે, 'ક્યારે ફરીથી શાંત થઈએ, સ્થિર થઈએ, અને એકાગ્રતા આવે કે જેનાથી બીજીવાર આવો આત્માનો અનુભવ થાય.' આ જગ્યાએ મહિનાઓ કે વર્ષો સુધી એ અનુભવ રીપીટ ન થાય ત્યારે જીવ ધીરજ તોડી નાખે અને પછી પુરુષાર્થ મુકી દે છે. એટલે મોક્ષમાર્ગમાં જે હજારો અવરોધો છે એ આપણાં પોતાના છે.

બીજો અનુભવ તરત જ થઈ શકે છે, વાર પણ લાગી શકે છે.

**૨. આત્મવિકાસની સુરૂચિ વધે છે અને સમયાનુકૂળ પ્રયત્ન થાય છે.**

આત્માની આરાધના કરવા માટે પુરુષાર્થ કરવાની બહુ ટ્રાય કરો છો, એ ટ્રાયનું નામ જ પુરુષાર્થ છે, ન થાય એનું નામ કર્મ છે. જીવને પડવાના કારણ અનાદિકાળના કુસંસ્કાર છે. એને કાઢી પુરુષાર્થમાં લાગી રહીએ તો સંસાર ક્યાંય મોક્ષમાર્ગમાં વચ્ચે નહીં આવે.

**૩. સત્પુરુષ અને તેના વચનોમાં અભિરૂચિ, પ્રેમ અને શ્રદ્ધા વિશેષ બળવાન થાય છે.**

સત્પુરુષના વચનો જ્યારે આત્માથી પૂરેપૂરા સમજાય છે ત્યારે સદ્‌ગુરુ પ્રત્યે અનહૃદ એવી પ્રેમ ભક્તિ ચોક્કસ હાજર થાય છે. હવે ઘણાં વચનો એવા હોય કે જે સંસારમાં દોષરૂપ લાગતાં હોય તો પણ અમૂક વર્ષો જતાં જીવને જ્યારે પ્રતીતિ અને વિશ્વાસ થઈ જાય છે ત્યારે દોષરૂપ જે વચનો છે એજ કદાચ અત્યંત એવા મોટા કલ્યાણનું કારણ જીવ માટે થતું હોય છે. હવે જે વખતે એ વચનો સાંભળવામાં આવે, એ વખતે તરત જ વિચાર આવી જાય આ ખોટું છે; સાચું છે એવું ન માનીએ તો ચાલે પણ સાચું જ્યારે મને સમજાશે ત્યારે સાચું માનીશ પણ આ ખોટું તો નહીં હોય, મને સમજાતું નથી એવો ભાવ રહ્યાં કરવો જોઈએ. જ્યારે નકાર કરો છો તો દોષ હાજર થઈ જાય છે. છ-બાર મહિના કે વધારે સમય આત્મચિંતવન જ્યારે ઊંડાણથી થાય છે ત્યારે એ શબ્દો વિશેષ ઉઘડે છે અને જીવને આત્માની આંશિક સાચી અનુભૂતિ થાય છે અને એમના પ્રત્યે વિશેષ પ્રેમ આવે છે.

**૪. વ્યાધિ ઉપાધિના માઠા પ્રસંગે આત્મવીર્ય સહજ પ્રગટતાં પૂર્વની અપેક્ષાએ વધુ શાંતિ વેદાય છે.**

પહેલાં સંસારનાં કોઈપણ પ્રસંગોમાં જેટલી આકુળતા - વ્યાકુળતા અને અત્યંત આર્તધ્યાન, અશાંતિ રહેતી હતી એ જગ્યાએ સમકિત પછી પહેલાંના પ્રમાણમાં આકુળતા-વ્યાકુળતા ઓછી હોય છે, શાંતિ કંઈક વધારે હોય છે અને ચોક્કસ બન્ને સ્થિતિમાં ફરક જીવને અનુભવમાં આવે છે.

**૫. સંસારના ખેદરૂપ, શોકરૂપ પ્રસંગો જોઈ આત્મામાં વૈરાગ્ય અને ઉદાસીનતાનું ગ્રહણ વધારે થાય છે.**

આત્મા જેટલો આકુળ-વ્યાકુળ અને અશાંતિમાં રહે તો પછી તિર્યંચનો ભવ લગભગ નક્કી છે, પણ જીવને આ સમજવામાં ન આવતું હોય. સંસારના ખેદરૂપ, શોકરૂપ પ્રસંગો જ્યારે થાય છે ત્યારે આત્મામાં વધારે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે કે આ સંસાર એ દુઃખનું કારણ છે. પૂર્વકર્મ જે જે પ્રકારે હાજર થાય છે, સુખને સમતાભાવે ભોગવી લઈએ. દુઃખ તો બધા રોતાં રોતાં ભોગવે, સુખને સમતા પૂર્વક ભોગવવું એ અઘરૂં છે.

**૬. પોતાને અહિતરૂપ અને હાનિકર્તા નિમિત્તો મળે છે ત્યારે પર દોષ જોવાની વૃત્તિ અટકી જાય છે, અને તે માત્ર પૂર્વની પોતાની ભૂલનું પરિણામ છે એમ નિજદોષ તરફ દ્રષ્ટિ રહે છે.**

**આત્માની આરાધના કરવા માટે પુરુષાર્થ કરવાની બહુ ટ્રાય કરો છો, એ ટ્રાયનું નામ જ પુરુષાર્થ છે, ન થાય એનું નામ કર્મ છે.**

બીજા કોઈ આપણાં માટે અહિત કરે, જુઠું બોલે, આપણી સાથે દગો કરે ત્યારે સમકિતી જીવને એટલી સમજણ છે કે કોઈ કરતાં કોઈ જીવ આપણને અંશ માત્ર દુઃખ આપી ન શકે ? મારા પૂર્વકર્મનું આ ફળ છે, સામી વ્યક્તિ માત્ર નિમિત્ત છે. જેમ સમકિતની પ્રાપ્તિ છે, સમજણ છે, અને સામી વ્યક્તિએ એનું બધું લૂંટી લીધું હોય તો પણ એના પ્રત્યે દોષ દ્રષ્ટિ ન આવે. જે જે લોકો તમારી સાથે અશુભ ૠણાનુબંધમાં છે અને વર્ષોથી ખોટી રીતે વર્તી તમને પાર વગરના દુઃખી કરે છે તો પણ એ માનવું કે એ વ્યક્તિનો દોષ નથી, કર્મ આપણે બાંધેલા છે, આપણે ભોગવવાના છે. આ વસ્તુ સમકિતીના હૃદયમાં ચોક્કસ હાજર હોય છે.

**સૌજન્ય : એક મુમુક્ષુ, બેંગ્લોર**

**૭. પૂર્વના કોઈ વેરીનું પોતા પ્રત્યે અત્યંત અશુભ વર્તન હોય, તે છતાં મૌન સેવી, શાંતિને અવગાહી પ્રભુ પાસે તેના હિતની માંગણી કરે છે. દ્વેષ બુદ્ધિના અંકુરો પણ ન રહે તેવી તેની આત્મેચ્છા, આત્મજાગૃતિ અને આત્મપુરુષાર્થ હોય છે.**

ગમે તેવો વેરી ગમે તેવું આપણું નુકસાન કરે તો પણ એના પ્રત્યે શુભભાવ, એના કલ્યાણનો ભાવ સમકિતી જીવને રહ્યાં કરે છે. આવું આપણે કરી લઈએ તો પણ ત્રણ-સાડા ત્રણ માસમાં સમકિત ચોક્કસ મળે. આ શોર્ટકટ છે.

સમકિત કે ક્ષાયિક સમકિત કે છેવટની દશા આત્માનો કોઈ ભાવ, સમજણ જ છે ને! સોભાગભાઈ ૭ વર્ષ પરમ કૃપાળુ દેવના પરિચયમાં રહ્યા. મોટાભાગે કૃપાળુ દેવે પત્ર લખીને એમને સમજાવ્યું છે એટલે મને લાગ્યું કે આખો મોક્ષમાર્ગ કૃપાળુદેવનાં પત્રોમાં જ હોય. પત્ર ગોખી લઈએ એનું નામ સમકિત એટલે દરેક વખતે યાદ આવે આમ નહીં કરવાનું, આમ નહીં કરવાનું. માટે એક એક મહિનામાં એક એક પ્રેક્ટીશ કરો અને આગળ વધતાં જાઓ.

> **બીજા કોઈ આપણાં માટે અહિત કરે, જુઠું બોલે, આપણી સાથે દગો કરે ત્યારે સમકિતી જીવને એટલી સમજણ છે કે કોઈ કરતાં કોઈ જીવ આપણને અંશ માત્ર દુઃખ આપી ન શકે. મારા પૂર્વકર્મનું આ ફળ છે, સામી વ્યક્તિ માત્ર નિમિત્ત છે.**

**૮. પરિવારમાં આવતાં જનોને ધર્મમાર્ગ માટે ઈચ્છા ઉત્પન્ન કરાવવાની વૃત્તિ થાય છે; તેઓની વિમુખતા જણાય તો મધ્યસ્થ રહે છે.**

કોઈપણ વ્યક્તિ મળે તો તેને સાચા મોક્ષમાર્ગની જાગૃતિ થાય, જિજ્ઞાસા થાય એવી વાત જરૂર કરે છે પણ ધર્મ ઠોકી બેસાડતાં નથી. જાગૃત થાય એટલો વિચાર કરે પણ વ્યક્તિ જો વિમુખ થાય તો મૌન રહે.

**૯. મુમુક્ષુની વૃત્તિ સંસારમાં તીવ્ર દુઃખના નિમિત્તે ઉતરતી જણાય ત્યારે ધર્મમાં સ્થિર કરવાનું કાર્ય કર્તવ્યરૂપ લાગે છે અને કરે છે.**

બીજો પડતો દેખાય, ગિરતી વૃત્તિ હોય તો તે વૃત્તિ સ્થિર કરવાના ભાવ રહ્યાં કરે.

**૧૦. ધર્મભાવની વૃદ્ધિ જેમ થાય તેવાં નિમિતો મેળવવામાં આનંદ માને છે ને તે કારણોને સેવે છે.**

**૧૧. ગૃહસ્થ જીવનનો ઉદય હોય તો ત્યાં વ્યવહારશુદ્ધિ જાળવી વ્યવહારધર્મ, ફરજ પાર પાડી નિવૃત્ત થવાની ભાવના સેવે છે; પણ ભાગવાની વૃત્તિ નથી.**

**૧૨. ટૂંકમાં આત્મઉજ્જવળતા, આત્મપવિત્રતા, આત્મનિર્મળતા અને આત્મશુદ્ધતા પ્રત્યે ઉપયોગ પ્રેરાય છે, જેથી ક્રમે ક્રમે જીવને સફળતા પ્રાપ્ત થતી જાય છે.**

**અહીં જેટલી સફળતા તેટલી આત્મદશા ઉર્ધ્વગામી થાય છે. હવે ભક્તની પ્રબળ અંતરેચ્છા એવી રહે છે કે રાગદ્વેષની પરિણતિનો ક્ષય અને શુદ્ધાત્માનો આવિર્ભાવ થાય. તેને સમજાય છે કે રાગદ્વેષની પરિણતિને સંયમમાં લેવા માટે સદ્ગુરુદેવ પ્રત્યે સમર્પણભાવની અત્યંત આવશ્યકતા છે અને તે માટે હૃદયપૂર્વકનો પુરુષાર્થ ઉપાડે છે.**

સદ્ગુરુ પ્રત્યે જેટલી અર્પણતા થતી જાય છે એટલાં રાગદ્વેષ જે અનાદિકાળથી જતાં નથી એ ચોક્કસ જાય છે. આખો પ્રેક્ટીકલ માર્ગ છે. જેટલી આરાધના કરી શકાય એટલું ક્રમશઃ ચોક્કસ આગળ વધાય છે. પણ એનો અર્થ એવો નથી કે આ ભવમાં છેવટની દશા પ્રાપ્ત થાય. એટલી ધીરજ રાખવાની જ કે મને પાંચ, સાત ભવે મોક્ષ મળે. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

**નોંધ :** પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

# वचनामृत पत्रांक ९७

**पिछले अंकमें हमने समझा कि ''वस्तु के स्वभाव को धर्म कहा गया है और पदार्थ का जो भूल-भूत गुण है, उसे पदार्थ प्राप्त करे उसका नाम धर्म है और उसे प्राप्त करने के लिए जो पुरुषार्थ आदि है उसे धर्म की रीत अथवा धर्म के साधन कहते है। जड चैतन्य संबंधी विचारों को अर्थ कहा है और जब तक जड़ के सूक्ष्म परमाणु, चेतन की सूक्ष्म दशा पूर्ण समझ में न आये और धर्म की आराधना, मंत्र का आराधन, शास्त्र का वांचन एक नहीं अनेक भवों तक करते ही रहे तो जिस पदार्थ को जानना है उसे किस प्रकार से जान पायेंगें? ''काम'' - चित्त को कहने में आया है। जितनी गेहराई से चिंतन - मनन, विचार कर सके तो आत्मा के अंदर अजीब तरह की तीक्ष्णता उत्पन्न होती है।**

पहला बंधन बाह्य से जो देखते हैं वो पूरा संसार है। अर्थात् स्त्री, पुत्र, घर वैभव आदि जो है, वो बंधन का कारण है। और उसका सूक्ष्म स्वरुप है हमारे विभाव। चित्त की चंचलता उसकी तरतमता इसके शांत होने पर मन विशेष प्रकार से शांत होता है। तब समझ पड़ती है कि जड़ किसे कहते हैं? चैतन्य किसे कहते हैं? उसकी सूक्ष्मता क्या हैं? और बंधन क्या हैं?

आत्म प्रदेश पर कर्म वर्गणा का चिपकना है, अनंत काल से आत्मा और कर्म वर्गणा कभी अलग ही नहीं हुए। यह देह तो अनंतबार छोड़ा है।

जो छोड़ना है वो है कर्म वर्गणा, तेजस वर्गणा और कार्मण वर्गणा, जिसे कार्मण शरीर और तेजस शरीर कहते हैं। ये दो शरीर से अखंडरूप से अलग होना है। यही है सर्व बंधन से मुक्त होना अर्थात् मोक्ष। इस प्रकार ऐसी सूक्ष्म वर्गणा जो भाव कर के बांधी है, उससे रहित होना, आत्मा की रहित दशा वो मोक्ष है। इसलिये परम कृपालु देव कहते हैं ''साक्षात् मोक्ष तो यहीं हथेली में है, उसके बाद सिद्धालयमें है।''

अब इस प्रकार सर्वसंगपरित्याग की अपेक्षा से कर सकते है। जिनको सर्वसंग परित्याग है उन लोंगो के लिये उपर की परीभाषा बतायी। सर्वसंगपरित्याग किसे कहते हैं? जिन्होंने कपड़े बदले है वो सर्वसंगपरित्यागी नहीं। जिन्होंने समझ ली है वो सर्वसंग परित्यागी है। हमारा उपर का पुरुषार्थ है यह बात विशेषरुप से ध्यान रखना। हमारा पुरुषार्थ है ऐसा नहीं परंतु यह आत्मा का पुरुषार्थ है और वो ही करना है। भाव से सर्व प्रकार के संग छोड़ने है।

*सौजन्य : प्रेमीला हिंमत शाह, मुंबई*

द्रव्य से कर्म पूरे होंगे तब अपने आप छूट जायेंगें।

हम उल्टा ही करते हैं, द्रव्य से सर्वसंग छोड़ देते हैं, कर्म बाकी रखते हैं। दूसरा भव आता है तो वापस वो ही संग चालू। अभी भाव से सर्वसंग रहित होंगे तो द्रव्य से कर्म पूरा होगा, अपने आप।

सामान्य अर्थ - धर्म अर्थात् संसार में नरक में (अधोगति) गिरने से रोक सके, बचा सके वो धर्म । और उपर वस्तु स्वभाव को धर्म कहने में आया है। संसार में नरक गति में गिरने से बचा सके वो ''धर्म'' इनटु इनवरटेड में लिखा है। धर्म के दो अर्थ करने में आये हैं। उपर भी लिखा है कि सामान्य रुप से। अर्थात् भवोभव से जो कुछ हम धर्म करते आ रहें वो धर्म।

**भाव से सर्व प्रकार के संग छोड़ने है। द्रव्य से कर्म पूरे होंगे तब अपने आप छूट जायेंगें। हम उल्टा ही करते हैं द्रव्य से सर्वसंग छोड़ देते हैं, कर्म बाकी रखते हैं।**

सच्चे मोक्ष का कारण धर्म तो उपर बता दिया है। यहां धर्म का मतलब क्या है? सामान्य रुप से पूरे संसार में सभी लोग जिसे धर्म समझते हैं और धर्म समझ कर जो कुछ करते रहेते हैं उसका नाम वो सामान्य धर्म। यह धर्म क्या कर सकता है? संसार में - संसार का मतलब क्या? चारों गति में जीव परिभ्रमण करके भटकता हैं। चार गति मतलब देव, मनुष्य, तिर्यंच और नारकी। इन चारों में जो चक्कर लगाते रहते हैं उसका नाम संसार है। ऐसे संसार में अधोगति में जाने से रोक रखे उसका नाम धर्म है। संसार से बहार की बात नहीं हो रही है। अब तक जो धर्म हमने किया है, उसके फल रुप हमें क्या मिला है? और हम क्या मांगते हैं? हे भगवान! मुझे अगले भव में यह देना, वो देना। जो मांगते है १०० प्रतिशत संसार ही होता है। नरक के दु:ख नहीं मांगते। अर्थात् संसार में रह सके और अधोगति, नरक में न जाये। इसका नाम धर्म।

एक इन्द्रिय के जो जीव है, वो सब जड़ कहलाते हैं या जड़गति कहते हैं। दो इन्द्रिय से पांच इन्द्रिय तक के जीव तिर्यंच है वो सब मंदगति वाले कहते हैं। नारकी के जो जीव है वो अधोगति वाले कहते है। ऐसी तीन गति को काटना है। जड़ मतलब एक इन्द्रय के पांचो जीव, पृथ्वी, पानी, अग्नि, वायु, वनस्पति। दो इन्द्रिय से पंचेन्द्रिय तक के सब तिर्यंच, मनुष्य नहीं। वो सब मंद गति अर्थात् उनको बुद्धि और समझ ज्यादा नहीं होती। बाकी देवलोक और मनुष्य लोक उनको मोक्ष गति के लिये कारणभूत बताया है।

धर्म का मतलब तो परिणाम है, अर्थात् परिणाम को प्राप्त वस्तु। बाकी जो कुछ करने में आता है वो धर्म को प्राप्त करने के साधन कह सकते है। या उपाय अथवा रीत कहते है। तो आज जो कुछ भी हम करते है वो सब धर्म प्राप्ति के लिये प्रयास है, पुरुषार्थ है, साधन है जिसे करने के बाद जो दशा प्राप्त होती है वो वास्तव में धर्म है। अर्थात् वस्तु - स्वाभाव प्राप्त होता है।

आत्मा की जब तक समझ नहीं है तो लौकिक और प्रचलित जो कोई धर्म या धर्म के नाम पर क्रिया करने में आती है उससे क्या होता है? तो नरक की गति में नहीं जाते, मंदगति अर्थात् तिर्यंच अथवा एक इन्द्रिय जीव में नहीं जाते। देव-लोक और मनुष्य का सुख प्राप्त होता है। और जब धर्म करते है तब यही तो मांगा होता है। मेरे संसार को आग लगे ऐसा बोल कर कोई धर्म करता हो ऐसा आज तक नहीं मिला। सभी प्रकार का सुख संसार में मिले, इसके लिये भगवान को प्रसाद भी देते है। माला-मंत्र और बहुत कुछ करते है। परम कृपाल देव ने बहुत ही सुंदर अर्थ बताया है अधोगति - नरक में जाने से रोके परंतु परिभ्रमण चालू ही

रहे। ये सब धर्म की क्रिया है, धर्म नहीं। अर्थात् यह तो हमने भवोभव से क्रिया है ना? वस्तु स्वभाव को पहचाना ही नहीं कि वास्तव में मुक्ति कैसे होती हैं।

दुसरा अर्थ - वैभव - लक्ष्मी आदी उपजीवन के सांसारिक साधन। उपजीवन मतलब - जन्म से मरण तक इस देह से जो - जो क्रिया करने में आती है और जीवन जीने में आता है उसे उपजीवन कहते है। यदि आत्मा अपने स्वरुप का लक्ष ले और फिर स्वरुप से जीये तो दूसरा जीवन कहा है। तो यहां उपजीवन का मतलब संसार में दुसरी कोई समझ नहीं होती परंतु केवल सदाचरण है, सद्वर्तन है और सभी प्रकार की शुभ प्रवृति जन्म से मरण तक जो क्रिया करते रहते है वो सब उपजीवन है। अब उपजीवन अच्छे से अच्छा कैसे हो सकता है? तो स्त्री आदि और भोगने के लिये दूसरे साधन, अच्छा घर, बंगला, गाड़ी आदि। तो यहां अर्थ का दूसरा अर्थ होता है पैसा। पैसे से ही इन सभी चीजों की प्राप्ति हो सकती है। अर्थात् जितनी मात्रा में पैसा हमारे पास है, उस प्रकार से संसार के सुख के पदार्थ खरीद सकते हैं और सुख मांग सकते हैं। कैसा सुख? शरीर का बाह्य सुख, आत्मा का नहीं। जितना ज्यादा पैसा है उतना मानसिक तनाव ज्यादा रहता हैं। तो संसार में यह सभी क्रियाएँ जब तक ऐसा कर्म है तब तक अनिवार्य है जब तक संसारे है और तब तक करनी ही पड़ता है।

**परम कृपाल देव ने बहुत ही सुंदर अर्थ बताया है अधोगति - नरक में जाने से रोके परंतु परिभ्रमण चालू ही रहे। ये सब धर्म की क्रिया है, धर्म नहीं।**

ये सभी चीजें हमारे पास है तो पूर्व भव में जो पुण्य किया है वो किस प्रकार का है? अर्थात् अधोगति - नरक गति न जा सके रोक रखें, बचा सके ऐसा जो धर्म पूर्व भव में किया है जिसके कारण इस भव में सभी प्रकार की संपत्ति और सुख मिले है। तो पूर्व में बांधे कर्म के कारण ये सुख तो जाने वाले नहीं है। तो अर्थ का मतलब हुआ, संसार के सुख के सबी पदार्थ।

**काम** - अर्थांत नियमित रूप से स्त्री का परिचय। संसार में जब तक जीव है तब तक यह क्रिया भी अनिवार्य है। यहाँ नियमित का मतलब जिस चीज का बार-बार उपयोग होना उसे भी नियम से, नियमित रुप से अथवा रेग्युलरली क्रिया होती है।

**मोक्ष**-सर्व बंधन से मुक्ति अर्थात् मोक्ष। आखिर में जो मोक्ष बताया है वो उपर वालो के लिये और नीचे वालों के लिये, दोनों के लिये बराबर ही हैं। धर्म की परीभाषा अलग हुई, अर्थ की परीभाषा अलग हुई, काम की परीभाषा अलग हुई। परंतु मोक्ष की परीभाषा दोनों में एक ही दी है। सर्व बंधन से मुक्त होना वो मोक्ष है।

मोक्ष में परम कृपालु देव ने कोई फरक नहीं बताया। अर्यात् संसार में रह कर उपर की तीनों क्रिया अलग-अलग प्रकार से कर सकते है परंतु मोक्ष के दो विभाग नहीं कर सकते। संसारी लोगों का ऐसा मोक्ष और सर्वसंग परित्याग का ऐसा मोक्ष। मोक्ष एक ही प्रकार का है और सभी प्राणी, जीव और हम सब का लक्ष भी एक ही है कि मोक्ष की प्राप्ति। ◆

**क्रमशः**

**ॐ शांतिः शांतिः शांतिः**

---

**नोंध :** पूज्यश्री के पत्रांक ९७ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

THE MASTER'S VOICE

## SHRIMAD RAJCHANDRA VACHANAMRUT

# Patrank 132

***"Kshanmapi sajjansangtireka, bhavati bhavartarane nauka."***

***Even a momentary association with a self realized person is like a boat which can cross the worldly ocean. This sentence is of Shankaracharyaji and it seems true.***

***You have expressed happiness on meeting me and unhappiness on being separated from me. I too felt the same on meeting you.***

***From the depths of my being, I constantly feel like becoming spiritual; and helping many others in achieving spirituality, which is my duty but such circumstances are still eluding.***

***Knowledge of the future (astrology) although essential is not my focus at present.***

This is Param Krupaludev's very first Letter to Sobhagbhai. Why did Param Krupaludev offer Shankaracharyaji's sentence to him.

Despite following Jain philosophy, Param Krupaludev in different letters used to ask many aspirants to read about Kabir, in fact He had sent some of them to meet a Guru of Kabirpanthis, stay with him and even to the extent of asking them to renounce the world through him and become his disciples. He had asked a few to read books on Vedant and acquire knowledge from Vedantis. He has said whenever we (Param Krupaludev always addresses himself as "we") ask you to read about Vedant, it doesn't mean we are asking you to follow Vedant and similarly for Kabir or Mahavir. You have to only know yourself as "soul". Whenever the word "Jain" is uttered, it becomes an "ism", a sect which has confines and true spirituality cannot be bound in a sect. It is all encompassing and one. Due to the impact of powerful mohniya karm, even great saintly persons indulge saying this is my religion, Mahavir is ours and establish their own sect breaking away from the main religion. After a few years, someone else with a sharp intellect and capability challenges established norms and forms yet another sect. This is how we find so many philosophies and divisions within every religion. This is not true spirituality.

In the present context, the reason for giving this sentence to Sobhagbhai is twofold. One, to erase the impact of Jainism since Sobhagbhai was born a Jain. Secondly, Sobhagbhai was highly under the influence of Dungarshibhai on

**How can one believe that only a momentary association or meeting with a self realized person can truly liberate oneself ?**

whom the impact of Vedant was tremendous and on receiving this letter, Sobhagbhai would obviously rush to Dungarshibhai and share with him the content of the Letter. Dungarshibhai believed himself to be very advanced on the spiritual path which was nothing but delusion hence this sentence that, ***even a momentary association with a self realized person is like a boat which can cross the worldly ocean.***

Everyone will wonder how can one believe that only a momentary association or meeting with a self realized person can truly liberate oneself ? Many would get this thought that if you meet such a One even for one second, is that one second enough for getting them across the ocean of world?

We all have during our lives met many Gyanis and Saints, have attended their lectures. Thus, not for one second but we may have been with them for more time and we all know, this has not helped us in anyway.

Most of the people based on their own respective experiences know from within that this sentence is not true but from an intellectual point will say it cannot be false. But why it is not false and why are we false, these two conflicting and divergent thoughts are never reflected upon.

Now, let us analyze how this sentence is true.

***"Momentary association with a self realized person…".*** Here a self realized person means One who knows his own soul or is engaged in sadhana of self realization. Going to temples only means following a religion but that is not being engaged in pursuit of self realization. A jeev ought to decide that such and such person is engaged in the pursuit of self realization or that he has an experience of his own soul. Thereafter, to truly recognize such a person as "an atmagyani" could even take 1 or 2 lives.

In spite of knowing and recognizing a self realized person, are we ready to give up the pleasures of this world and go beyond and liberate ourselves by crossing this worldly ocean? Due to uncertainty of knowing what lies beyond, a jeev is unwilling to give up worldly pleasures. So, he merely restricts himself to bowing before such a person not sure being about what it means to be liberated or free. Liberation doesn't mean name of a place. It is a particular state of soul, unblemished with any karm and pure. Unless a jeev knows what is the glory and grandeur of pure soul and determining whether it is much beyond the worldly pleasures or not, why will he desire to pursue such a state?

**In spite of knowing and recognizing a self realized person, are we ready to give up the pleasures of this world and go beyond and liberate ourselves by crossing this worldly ocean?**

Best Wishes : Tarachandbhai Jain, Mumbai

**When an aspirant is ready to receive and there is someone capable of imparting then only, in that moment, something astonishing happens within a jeev leading him ultimately to liberation.**

The existing desires arise either from greed or fear. In this world, there is varied kind of unhappiness, someone is pining for children, those with children are unhappy and so on. Therefore, religion is pursued with greed to improve worldly life.

The other reason of pursuing religion is fear. The belief is if we are not religious, we will have more suffering. And those who possess worldly pleasures pursue religion so as not to lose such pleasures. If not anything, they will indulge in charity. Actions performed with such beliefs cannot be called "atma dharm". In such a situation, where a jeev doen't know what it means to be liberated, even if he meets a self realized person, it doesn't "click". A ***momentary association*** between a true aspirant and a self realized person can be instantaneously successful just as when a switch is put on, the circuit is complete and the bulb lights up. When an aspirant is ready to receive and there is someone capable of imparting then only in that moment, something astonishing happens within a jeev leading him ultimately to liberation.

Here, Param Krupaludev tries to convey to Sobhagbhai that some secret process happened within you when you met me for the first time. Thus, a momentary and short association of Sobhagbhai with Param Krupaludev changed the entire course of his life. Sobhagbhai was on the lookout for years to impart "beej gyan" to a capable person and Param Krupaludev was on the lookout for a person with whom He could connect with heart and give it away. They were both intensely longing and when they met, they remembered their previous lives pursuing spirituality together. Both slipped into Samadhi and on coming out, tears were over flowing.

Param Krupaludev is conveying to Sobhagbhai to visualize whatever happened between them throughout his life as such episodes are "the boat" which will help you cross the worldly ocean.

This process should happen and if it hasn't one should put in powerful efforts. There is no other way. Despite being confronted with unhappiness and miseries, this ought to be done. If the association with a Self Realized person continues, it is a big reason for spiritual success. In case, the meetings are not repeated, remembering and visualizing that one meeting will act as "the boat" to cross this vast ocean of world. ◆

**Aum Shanti: Shanti: Shanti:**

To be continued.....

**Note:** This edited version of Param Pujya Premacharyji's discourse is done by the Editorial Team of Ananya Parivartan

# सद्गुरु की असीम कृपा



■ **नयना मडिया,** मुंबई

सद्गुरु की कृपा के ऐतिहासिक किस्से तो हमने बहुत सुने होगे पर वर्तमान युग में ऐसी कृपा होती है इस पर हमारी श्रद्धा ना के बराबर है। ऐसे समय में मैं वह भाग्यशाली हूँ जिसने इन ऐतिहासिक घटनाओं की सत्यता को अनुभव से जाना। आज आपके साथ वह अनुभव शैयर करने को उत्सुक हूँ, इस भाव के साथ की हम गुरु तत्व की शक्ति से परिचित हो सकें।

एक्सीडेंट यह शब्द ऐसा है जिसे सुनकर ही हम अनजान भय से काँप उठते हैं और सवाल आता है कि कहाँ? कैसे? किसका? सामान्य लब्जों में कहें तो एक्सिडेंट का मतलब है, गलती से टकराना और उसके कारण किसी को चोट लगना, पर इस शब्द से आने वाली प्रतिक्रिया पर विचार करें तो हमारे अन्दर रही हुई भय संज्ञा और नकारात्मक सोच का परिचय मिलता है। ऐसे शब्द क। जो सिर्फ नाम से भय उत्पन्न करने में सक्षम है, एक सतगुरु की कृपा से क्या परिणाम हो सकता है, सुनिए।

परम पूज्य पप्पाजी का ३ दिन का शिबिर था। शिबिर के दूसरे दिन करीब १२ बजे हम वहाँ से निकले। टैक्सी में हम दो लोग थे। सद्गुरु के

*सौजन्य : संगीता ताराचंद जैन, मुंबई*

अमृतवचन सुनके निकले थे। मैं परम कृपालुदेव को विनती कर रही थी...। हे प्रभु! गुरु तो ज्ञान के भंडार हैं, हम मुमुक्षुओं को अपने पावन बोध से पवित्र कर रहे हैं, लेकिन वो जिस आशय से बोध दे रहे हैं, वह आशय ये आत्मा उसी समय ग्रहण कर सके, ऐसी योग्यता आप मुझे दें।

इसी सोच में थी कि आँखों के सामने अंधेरा छा गया और सहजा-सहज मेरे अंदर मंत्र चलने लगा.. देह से भिन्न मैं आत्मा हूँ। इतने में किसी ने हाथ खींचा तो ध्यान गया, लोग चिल्ला रहे थे। कोई इनको बाहर निकालो, इनको बाहर निकालो। फिर हमें बाहर निकालकर फुटपाथ पर बैठा दिया गया। तीन कार और एक ट्रक का एक्सीडेंट हुआ था। उस दौरान मुझे एक्सिडेंट की आवाज भी सुनाई नहीं दी थी। ड्राइवर की तो उसी समय सांस छूट गयी थी। वहाँ से गुजर रहे किसी भलेमानुष डॉक्टर ने हमें वहाँ के नजदीक के अस्पताल में दाखिल करवाया और हमारे घरवालों को सूचित किया।

इलाज के दौरान नर्स दर्द का इंजेक्शन लेकर आई। मैंने कहा, आप मुझे इंजेक्शन न लगाएँ, मुझे कहीं पर भी दर्द नहीं हो रहा है। इसी समय मेरे अंदर सहजा-सहज दूसरा मंत्र चलने लगा... देह, स्त्री, पुत्र आदि मेरे नहीं हैं, मैं शुद्ध चैतन्य आत्मा हूँ। उस घड़ी का आनंद लब्जों में बयां नहीं किया जा सकता। ऐसा आनंद और ऐसी खुशी मुझे आज तक नहीं मिली थी, और यह खुशी बिना किसी अवलंबन के थी। यह 'आत्मा' की खुशी थी। मैं और मेरे प्रभु साथ साथ थे।

अस्पताल में नीचे स्ट्रेचर पर मैं लेटी हुई थी। अचानक मैंने पप्पाजी को आते देखा और खुशी के मारे मेरी आवाज निकल पड़ी, पप्पा मैं यहाँ नीचे हूँ..। पप्पाजी मुझे मिलने आए थे। इस को मैं शब्दों में बयां नहीं कर सकती। देह तो वहाँ थी नहीं। यह आत्मा व परमात्मा का मिलन था। पूज्य पप्पाजी को जब एक्सिडेंट का पता चला, उनकी आँखें बंद हो गई। जब उन्होंने आंखे खोली तब कहा, ''दोनों को कुछ नहीं होगा, कर्म बड़ा था, टल गया।''

जब अंदर में सद्गुरु स्थापित हो जाते हैं और उनके द्वारा सिद्ध किए गए मंत्र का स्मरण चल रहा होता है, तब ऐसी फलश्रुति होती है। यहाँ पर देह से भिन्न आत्मा का अनुभव था। जहाँ एक छोटी सी चोट पर मुख से आह निकल जाती है, वहीं यहाँ पर तो माथा फट गया था, चौदह टांके आए थे, पर दर्द का नामोनिशान नहीं था। इस तरह का कर्म... जो रो-धोकर, आर्तध्यान करवाकर कर्मों की श्रृंखला को आगे बढ़ाता है, वही गुरु की असीम कृपा के आश्रय में उदय आये तो आत्मा को एक स्टेज आगे ले जाता है।

थाओ मारा नमन तमने,<br>
कर्मोना कापनारा।<br>
**ऊँ: शांति: शांति: शांति**

# कल पर मत छोड़ो

धर्मराज युधिष्ठिर की राजसभा लगी थी। राज्य-कार्य की व्यवस्था के बारे में चर्चा चल रही थी। इतने में एक दीन-हीन फटेहाल ब्राह्मण धर्मराज की राजसभा में उपस्थित हुआ। उसने धर्मराज से अपनी पुत्री के विवाह के लिए धन की याचना की। उस समय धर्मराज अपने राज्य-कार्य में व्यस्त थे अतः उन्होंने कहा – 'आज तो नहीं, कल तुम अवश्य आ जाना। कल तुम्हें वह सब कुछ दे दिया जायेगा जो तुम चाहोगे।'

भीम ने युधिष्ठिर का यह उत्तर सुना तो उन्हें धर्मराज द्वारा दरिद्र ब्राह्मण को कल पर टालने की बात पसन्द नहीं आई। भीम ने सोचा यदि धर्मराज ही 'कल' पर भरोसा करने लगे तो दूसरों का क्या होगा? धर्म तो यह कहता है कि 'कल' कभी आता नहीं क्योंकि 'कल' हंमेशा हमारे द्वार पर आज बनकर ही आता है। फिर भी बड़े भाई से कुछ तो नहीं सकते थे। अचानक भीम को एक अच्छा विचार आया और वह तत्काल राजप्रसाद के बाहर लगे घंटे के पास गया और उसने जोर जोर से घंटे को बजाना शुरु कर दिया।

यह घंटा राजप्रसाद के बाहर इसलिए लगाया गया था कि प्रजा की या राजा की ओर से जब कोई विशेष सूचना देनी होती थी, तब इसे बजा दिया जाता था। इस घंटे को बजाने से पूरी राजधानी गूंज उठती थी। घंटा बजता तो लोग समझ लेते थे कि आज कोई विशिष्ट खुशी का उत्सव है। प्रजा बधाई देने को राजप्रसाद के बाहर आकर एकत्र हो जाती थी।

जब भीम ने घंटा बजाया तो आवाज सुनकर प्रजा भागी-भागी राजप्रसाद के बाहर एकत्र होने लगी। जन-समूह को समस्त प्रजा को संबोधित करते हुए भीम ने कहा – 'मैं आपको एक हर्ष की अभूतपूर्व सूचना देने जा रहा हूं। हमारे राजा धर्मराज युधिष्ठिर ने एक अनूठी विजय प्राप्त की है। आप जानते है काल (मृत्यु) पर विजय प्राप्त करना असंभव है। आज तक संसार में जिसे कोई नहीं कर पाया वह हमारे महाराज ने कर दिखाया। आज हमारे महाराज ने मृत्यु पर विजय प्राप्त कर ली है, बस इसीलिए मैंने यह घंटा बजाया था।'

धर्मराज युधिष्ठिर भी वही पर उपस्थित थे। उन्होंने कहा – 'भीम ने जनता में असत्य का प्रसारण किया है। क्या कोई मृत्यु पर भी विजय प्राप्त कर सकता है? यह असंभव है।' भीम ने पुनः उठकर कहा – 'मेरा संभाषण सत्य है क्योंकि आज आपने एक याचक ब्राह्मण से कहा था हम कल आना मैं तुम्हें मनोवांछित दूंगा। कल की बात वही कह सकता है जिसने मृत्यु पर विजय प्राप्त कर ली हो।'

युधिष्ठिर को अपनी भूल का ज्ञान हुआ। उन्होंने कहा – 'मैं आज को आज और कल को कल समझूंगा। मैंने भविष्य को मुठ्ठी में बांधने की भूल की है, अब मैं ऐसा नहीं करूंगा।' धर्मराज ने उसी समय उस दीन ब्राह्मण याचक को बुलाकर उसे यथेच्छ दान दिया।

महापुरुषों का कहना है कुछ करने के लिए भीत में भावों की लहरे उठ जाये तो प्रतीक्षा मत करो। जो करना है उसे आज और अभी साकार करो। कल पर मत छोड़ो। यदि कल पर छोड़ोगे तो कल कभी नहीं आयेगा। ◆

सौजन्य : हिमांशु ताराचंद जैन, मुंबई



## Q ઉપાદાનની તૈયારી થતાં નિમિત્ત હાજર થશે ?

ઉત્તર : ૧૦૦ ટકા ઉપાદાનની તૈયારી થઈ તો નિમિત્ત હાજર થશે જ એ નિયમ છે. જ્યારે જ્યારે જે કર્મ ઉદયમાં આવે છે એ કર્મના ઉદયથી સુખ કે દુ:ખ ભોગવવાનું છે. તેની તૈયારી એની સાથે જ તૈયાર થઈ જાય છે અને કુવામાં પડવાનું હોય તો કુવો ન દેખાય, રાજગાદી દેખાય કે ચડી બેસું પણ બેસે ત્યાં સીધા નીચે પહોંચી જાય. બધાને અનુભવ હશે કે સંસારમાં કરેલા ઘણા મોટા પ્લાનીંગમાં કરોડો રૂપિયા કમાવા માટે અડધે પહોંચે ત્યારે જો ખબર પડે મોટી ભૂલ થઈ ગઈ છે તો નફાને બદલે નુકશાન થાય. આ બધાને ખબર જ છે એટલે કહેવાનું એ છે કે જે કર્મ જે પ્રકારે હાજર થવાનું છે એ પ્રકારે એવા નિમિત્તો ૧૦૦ ટકા હાજર થવાના છે. બીજા શબ્દોમાં જે ફળની પ્રાપ્તિ કરવાની છે એ ફળ પ્રાપ્ત કરાવવા માટે બધા નિમિત્તો હાજર થાય છે.

આત્માની યોગ્યતા એટલે ઉપાદાન જે પ્રકારે તૈયાર થાય છે એ પ્રકારે ફળ આપનારા નિમિત્તો એના પહેલાથી હાજર થાય છે. આવા એક નહીં હજાર ઉદાહરણો મળી જશે. સવાલ એ છે કે ઉપાદાન શેનું માંગો છો ? આત્માની જો ઓળખાણ છે તો આત્માનું એ જાતનું ઉપાદાન છે અને આત્માની ઓળખાણ નથી તો વ્રત, તપ, નિયમ, સંયમનું ઉપાદન છે અથવા ઉપાદાનની તૈયારી આપણે કરવી જોઈએ. એ જો સમજ હોય તો એ જાતના નિમિત્તો ચોક્કસ મળી જશે. પણ ઉપાદાન શબ્દ બોલીએ અને કયું ઉપાદાન કે કયા ફળ માટે શું તૈયાર કરવું છે એ ખબર ન હોય, કયુ ફળ જોઈએ છે, એનું 'બી' ક્યાંથી મને મળે એ ખબર ન હોય તો ઉપાદાનની તૈયારી નથી.

**Q કોઈ નિમિત્તને કારણે દુર્ભાવ આવતા હોય, અશુભભાવ આવતા હોય તો એ નિમિત્તને ટાળવું જોઈએ કે બીજો કોઈ ઉપાય કરવો જોઈએ ?**

ઉત્તર : આપણી આત્મિક દશા શું છે, આપણો ક્ષયોપક્ષમ શું છે એના પર આ નિર્ભર કરે છે. જો નિમિત્તથી તમને કોઈ અસર નથી થતી તો નિમિત્ત હોય કે ન હોય કોઈ ફરક નથી પડતો. નિમિત્તના લીધે જે દુર્ભાવ આવી રહ્યો છે એમાં જો આર્તધ્યાન છે તો તિર્યંચમાં જશો, રૌદ્રધ્યાન છે તો નરકમાં જશો અને એ ડર લાગતો હોય કે કાબુમાં નથી આવતો તો નિમિત્તથી દૂર થઈ જાઓ અને આત્માની આરાધના કરતા રહો. જ્યારે આત્મા બળવાન થઈ જાય તો જઈને એજ નિમિત્તને મળો. તમારા આત્માએ જે શક્તિ પ્રાપ્ત કરી છે તેનાથી આ બન્નેની લડાઈ થશે. જો તમે જીતી જાઓ છો તો નિમિત્તની કાંઈ અસર નથી પણ જો હારી જાઓ છો તો ભાગો.. જલ્દી ભાગો અને પછી આત્માની આરાધના કરો. આત્માને બળવાન કરો અને ફરી નિમિત્તને મળો. આ રીતે વારંવાર વ્યવહારમાં કરતા રહો અને તમને અવશ્ય ખબર પડશે કે નિમિત્ત કાંઈપણ કરી શકતું નથી. પાર્શ્વનાથ ભગવાનનો વિચાર કરો તો સાત-સાત જન્મો સુધી કમઠ એમનાથી વેર લે છે અને મૃત્યુ થાય એ રીતનો ઉપસર્ગ કરે છે પણ ભગવાનનો આત્મા ક્યારેય કોઈ પ્રતિઘાત નાના ભાઈને આપતો નથી. સાતમા ભવમાં કમઠ થઈને કેટલો ઉપસર્ગ કરે છે. તે વખતે પણ તેમની અવસ્થા જોઈએ તો અને સાચી રીતે સમજાય તો લાગે કે અહોહો..! કેવી દશા છે પાર્શ્વનાથની, તે પાર્શ્વનાથની દશા કંઈ ઓર હતી. ઓર એટલે કોઈ જન્મોમાં જોઈ ન હોય, સમજી ન હોય એવી શાંતદશા ભગવાનની હતી. આવા ઉદાહરણ લઈને આપણે પ્રયત્ન કરવા જોઈએ.

નિમિત્ત તમને અડતું નથી. તમારી બુદ્ધિ અને મન, ધર્મ છોડીને બીજી કેટલીયે અલગ અલગ જગ્યાએ વ્યસ્ત છે, સંકળાયેલું છે. પછી એને વેપાર કહો, એને ટી.વી. કહો કે બીજી કોઈ મનોરંજનની વાત કહો તો બધે અલગ અલગ છે. એ ધર્મ નથી. એ બધું તો થઈ જ રહ્યું છે ધર્મની સાથે. કહેવાનું એ છે કે ધર્મ માત્ર કોઈ ક્રિયા નથી, મનની એક સમજણ છે અને એ સમજણ તમે ચોવીસ કલાક તમારા માથામાં રાખી શકો છો. જેમ કે ઘરમાં કોઈ બહુ જ બિમાર હોય તો તમે સારા ડોક્ટરને બોલાવો છો, બધું જ કરો છો તો પણ બહાર તો જવું પડે છે, પણ ત્યારે માથામાં રહેશે કે કોઈ બહુ બિમાર છે જલ્દી કામ કરી પાછું જાવું છે. કહેવાનું એ છે કે માથામાં બે, ત્રણ વસ્તુ રાખીને આખી દુનિયાનું બધું કામ કરી શકીએ છીએ તો કેવી રીતે આત્માને સતત માથામાં રાખવાનો છે એટલું જ તમારે શીખવાનું છે પછી વેપાર કરો તો તે પણ ધર્મ હશે. ગ્રાહક સાથે કે વિતરકની સાથે સંબંધ કેવો હોવો જોઈએ, કેટલી છૂટછાટ કોને આપવી જોઈએ, મનને કેવી રીતે શાંત કરવાનું છે. મારું કર્મ છે, આટલું ગયું તો ગયું હવે મને ચિંતા નથી. આ નક્કી કરી લો તો બધું પોતાની જાતે કાબુમાં આવી જશે. વેપાર કરતા હોવા છતાં પણ એ તમારો ધર્મ થશે. જ્ઞાનીના વ્યવહારની અંદર સંસારનું કોઈપણ કામ હોય તો ત્યાં પરમાર્થ હોય છે એટલે કે કર્મની નિર્જરા કરતાં જ રહે છે અને અજ્ઞાનીના પરમાર્થની અંદર વેપાર હોય છે અથવા વ્યવહાર હોય છે. અજ્ઞાની સાથે આત્માને માટે, ધર્મને માટે વાત શરૂ કરો તો અંત વ્યવહાર કે સંસારની વાતથી જ થશે ૧૦૦ ટકા અને જ્ઞાની પાસે કોઈપણ સંસારની વાત કરો, અંત જે હશે તે પરમાર્થ જ હશે. થઈ શકે છે ને આ બધું..! કહેવાનો અર્થ એ છે કે કેવી રીતે કરવાનું તે શીખવું પડશે. જે કોઈ જન્મોમાં ક્યારેય પણ કરેલું નથી. મહેનતનું કામ નથી, ખાલી સમજવાનું છે. ગોખવાનું પણ નથી, યાદ પણ નથી રાખવાનું ફક્ત સમજવાનું છે. ◆

---

**સૌજન્ય : વિકલ્પ પ્રકાશ વસા, મુંબઈ**

# શ્રી રાધા-અવતારનું રહસ્ય

**શ્રી કૃષ્ણની ઐશ્વર્યશક્તિનો પરાજય - ૮**

રુક્મિણીજીના આગમન પૂર્વે શ્રી નારદજીએ પ્રભુ સાથે 'રામાવતાર'ની 'કૃષ્ણાવતાર' સાથે આધ્યાત્મિક તુલના કરતાં કરતાં, એવી ચતુરાઈથી શ્રી સીતાના મહાન ત્યાગની, સહનશીલતાની અને પતિપરાયણતાની પ્રસંશા કરી કે પ્રભુને અધૂરી કથાનો દોર સાંધતાં, જે કહેવું હતું તે કહેવાની સહજ તક પ્રાપ્ત થઈ ગઈ. રુક્મિણી શયનકક્ષમાં પ્રવેશ્યા ત્યારે પ્રભુ નારદજીને કહી રહ્યાં હતાં.

દેવર્ષિ ! 'રામાવતાર'માં સીતારૂપે અને 'કૃષ્ણાવતાર'માં રાધારૂપે ગોલોકેશ્વરીએ, ત્યાગ અને સહનશીલતાનાં સર્વોચ્ચ શિખર સર કરીને, આર્યાવર્તની પ્રજાને આદર્શ નારીનાં જે બે જ્વલંત ઉદાહરણ પૂરાં પાડ્યાં છે તે તો અનન્ય અને અપ્રતિમ છે. પરંતુ સીતાની પતિપરાયણતાના સંદર્ભમાં હું એટલું જ કહું છું કે, 'ભોગવીને ત્યાગો' અને 'ત્યાગીને ભોગવો' - એ બે વચ્ચે આસમાન- જમીનનું અંતર છે. વર્ષો સુધી પતિ સાથે ગૃહસ્થાશ્રમનાં દામ્પત્યસુખ માણ્યા પછી કોઈ સૌભાગ્યવતી સ્ત્રીને પતિનો વિયોગ થાય અને એ વિયોગનાં વર્ષોમાં પતિના સંતાનોને ઉછેરતાં ઉછેરતાં એ સદૈવ પતિપરાયણ રહે તો એ પ્રસંશનીય જરૂર છે, પણ વંદનીય તો નથી જ, કેમ કે એ તો આર્યાવર્તની સંસ્કૃતિના સંસ્કારનું જ પરિણામ છે.



પરંતુ એણે નથી મારી સાથે ગૃહસ્થાશ્રમ માણ્યો કે નથી અમે એકબીજાને યૌવનાવસ્થામાં મળ્યા ! અમે કેવળ કિશોરાવસ્થા ને કુમારાવસ્થામાં થોડાં જ વર્ષો સાથે રહ્યાં છીએ, પણ જોડે રહ્યાં નથી ! વ્રજભૂમિના ભાંડિર વનમાં ખુદ બ્રહ્માજીએ પ્રગટ થઈને, શ્રી રાધાના પિતા તરીકે, હવનના અગ્નિની સાક્ષીએ મારું અને શ્રી રાધાનું લગ્ન કરાવ્યું અને શ્રી રાધાનું કન્યાદાન દઈને, માનવદેહધારી શ્રી રાધા મને પત્ની રૂપે સમર્પિત કરી.

આ દૈવી ઘટનાને બાદ કરતાં, એવો એકપણ પ્રસંગ અમારી વચ્ચે નથી બન્યો કે જેનાથી અમે પતિ-પત્ની છીએ એની કોઈને પણ પ્રતીતિ થાય. પછી પોતાનાં પટરાણી સામે જોઈને કહેવા લાગ્યા:

'વળી, ત્યારે મારી અને શ્રી રાધાની માનવદેહે ઉંમર કેટલી હતી! છતાં જેણે જન્મતાંની સાથે જ, પૂર્વજન્મના સંસ્કાર બળે મને જ પોતાનો પતિ માની લીધો અને બાલ્યાવસ્થાની નિર્દોષ બાળલીલાઓનું સ્મરણ ભાથું ગાંઠે બાંધી રાખીને જે નારીએ, મનવચનકર્મથી મને જ પોતાનો પતિ-પરમેશ્વર

ગણીને આખું સુદીર્ઘ આયખું મારા વિયોગમાં સ્વમાનભેર અને ખુમારીથીવિતાવ્યું તે શ્રીરાધારૂપની પતિપરાયણતાની તોલે, 'રામાવતાર'ની શ્રી સીતારૂપની પતિપરાયણતા તો કાંઈ વિસાતમાં નથી એમ હું માનું છું. આટલું બોલતાં બોલતાં શ્યામસુંદર ફરી 'રાધા-મહાભાવ'માં ડૂબી ગયા.

થોડી ક્ષણો નીરવ પસાર થઈ ગઈ. પછી જાણે અંતરના ઊંડાણમાં ગોપિત કોઈ રહસ્ય માનવી તંદ્રાવસ્થામાં સ્વગત અભિવ્યક્ત કરે એમ શ્રીકૃષ્ણ બોલવા લાગ્યાઃ 'પગે ચાલીને આવજા થઈ શકે એટલું અંતર હતું ગોકુળ મથુરા વચ્ચે! પણ રાધા એકવાર પણ મને મળવા મથુરા નથી આવી! એણે ધાર્યું હોત તો એ મને કોઈની જોડે સંદેશો પણ મોકલી શકી હોત યા કોઈ ને કોઈ બહાને મને યમુનાકિનારે મળવા આવવાની ફરજ પાડી શકી હોત, પણ એ સ્વમાની નારીએ આમાનું કાંઈ ન કર્યું અને મેં ગોલોકમાં જે ઠપકો આપેલો તેના પ્રત્યુત્તરમાં ત્યારે એણે જે પ્રતિજ્ઞા લીધેલી તે અક્ષરશઃ ને જીવનભર પાળી બતાવી. ઉપરથી મેં ઉદ્ધવજીને એની પાસે સંદેશો લઈને મોકલ્યા ત્યારે પણ એણે સામેથી, મને જાણે મારી મર્યાદાનું ભાન કરાવતી હોય એમ કહેવરાવ્યું.

આપ વ્રજમાં પુનઃ પધારો તો અમને કેટલો બધો આનંદ થાય એ આપ જાણો છો. છતાં, જો એમ કરવાથી આપને સહેજ પણ કષ્ટ થતું હોય તો આપ આ બાજુ ન આવશો. વળી, આપ મથુરા છોડીને આવો જ નહીં તો અમને કેટલું બધું દુઃખ થાય એ પણ આપનાથી અજાણ્યું નથી. છતાં જો એમ કરવાથી આપના મનને સુખશાંતિ પ્રાપ્ત થતાં હોય તો આપ સદા ત્યાં જ નિવાસ કરજો.' આહા! કેટલો મોટો ત્યાગ અને કેવી આ ભક્તિ?

'કૃષ્ણાવતાર'માં હું પોતે પણ શ્રી રાધિકાના આવા ઉજ્જવળ વિશુદ્ધ માધુર્યભાવસભર પ્રેમતાંતણાથી એવો તો બંધાઈ ગયો છું કે હું લાખ પ્રયત્ન કરું તો પણ શ્રી રાધાજી સમક્ષ ક્યારેય પણ, મારા પરબ્રહ્મ ઐશ્વર્યનું એક કિરણ પણ પ્રગટ કરી શકતો નથી. મારું સમસ્ત ઐશ્વર્ય શ્રી રાધાના નિર્મળ પ્રેમપ્રવાહમાં ઓગળી ગયું છે, એકાકાર થઈ ગયું છે. એટલું જ નહીં, મારું ઐશ્વર્ય જ શ્રી રાધાની સેવામાં ખડે પગે ઊભું રહી ગયું છે!

અમારા બન્નેના દિવ્યલીલારસમાં વિશેષતા લાવવા, મારી ઈચ્છાશક્તિનો સ્વયંભૂ આદેશ પામી, મોટે ભાગે ખબરેય ન પડે એ રીતે મારી ઐશ્વર્યશક્તિ પ્રગટ થઈને શ્રી રાધાજીના માધુર્યભાવની સેવાચાકરી કરે છે.'

આ સાંભળીને નારદજી અત્યંત પ્રેમાવેશમાં આવી જઈ પોતાની મધુર વીણાનો ટંકાર કરીને બોલી ઉઠ્યા 'ધન્ય, પ્રભુ! નારાયણ, નારાયણ.'

ભગવાને કહ્યું; 'રાસલીલામાં જ અસંખ્ય કૃષ્ણસ્વરૂપોના પ્રાકટ્યની મારી આ ઐશ્વર્યશક્તિથી તો આપ સુજ્ઞાત જ છો. પરંતુ મારી દિવ્ય ઐશ્વર્યશક્તિનો તત્કાલીન વ્રજવાસી ગોપ-ગોપાંગનાઓ પર કોઈ પ્રભાવ પડતો નહોતો. તેઓ તો મારામાં ઐશ્વર્યનો એક અંશ પણ જોઈ શકતાં ન હતાં. એ તો મને સદૈવ એમનો પ્યારો બંસીધર કનૈયો જ માનતાં હતા. અરે! કેટલીકવાર તો નજરોનજર મારી ઐશ્વર્યશક્તિ જોવા છતાં શુદ્ધ માધુર્યભાવથી ભરેલાં એમનાં હૈયા, મારામાં કશું પણ 'અસામાન્ય', 'અસાધારણ', 'કલ્પનાતીત' દિવ્યતત્વ જોઈ શકતાં જ ન હતાં.'

'હે પ્રિય નારદ! તમારી જિજ્ઞાસા સંતોષવા હું હવે પેલો દિવ્ય અને તદ્દન સત્ય પ્રસંગ જ કહી દઉં છું જેની શરૂઆત મેં ગઈકાલે રાત્રે કરેલી. મને ખાતરી છે કે એ પ્રસંગ સાંભળ્યા પછી,

સૌજન્ય : જલ્પા વિકલ્પ વસા, મુંબઈ

શ્રી રાધાની સખી વિશાખાએ સૂર્યપત્નીને જે 'ગૂઢ જ્ઞાનાત્મક રહસ્ય' કહ્યું તે કેટલું યથાર્થ હતું તેની તમને પ્રતીતિ થઈ જશે.'

'શ્રી રાધા' સાથે એકાંતમાં રાસવિહાર કરવાની સ્વરૂપમયી સ્ફૂરણા થઈ આવતાં મેં ખાનગીમાં શ્રી રાધા સમક્ષ આ ઈચ્છા પ્રગટ કરી અને એને પેલા 'પ્રેમ-નિકુંજ'માં ઝટપટ આવી જવાનો ઈશારો કરીને હું એકાએક રાસસ્થળેથી અંતર્ધાન થઈ ગયો.

આ બાજુ, ગોપ-સુંદરીઓએ મને એમની વચ્ચે જોયો નહીં એટલે એ તો આકુળ વ્યાકુળ થઈ મારું નામ દઈને મોટેથી મને પોકારવા લાગી. કેટલીક નિરાશ થઈને ભૂમિ પર પછાડ ખાઈ આક્રંદ કરવા લાગી. એમાંની કેટલીક ગોપીઓ મને શોધતી શોધતી નિકુંજમાં અંદર આવી.

મારી તો કફોડી સ્થિતિ થઈ ગઈ! એક વૃક્ષની આડે છૂપાયેલા મને થયું કે હમણાં આ બધી આવીને મને પૂછશે કે - 'રાસસ્થળેથી અમારો પરિત્યાગ કરીને આ નિર્જન નિકુંજમાં એકલા એકલા શું કરો છો?' તો હું શો ઉત્તર દઈશ? આટલું વિચારું છું ત્યાં તો એ ગોપાંગનાઓ મારી એટલી નિકટ આવી ચૂકી હતી કે હવે અહીંથી ભાગીને બીજા નિકુંજમાં છૂપાઈ જવા જેટલો સમય જ નહોતો રહ્યો.

એકાએક મને અંતઃસ્ફુરણા થઈ કે, 'મારે જો બીજા બે હાથ હોત તો હું 'ચતુર્ભુજ' થઈને મારી જાતને છુપાવી શકત! પણ બીજા બે હાથ લાવવા ક્યાંથી?'

મારા મનમાં જ્યાં 'ચતુર્ભુજ' થઈ જવાનો માત્ર વિચાર જ જાગૃત થયો કે, મારી ઐશ્વર્યશક્તિએ મારા એ સંકલ્પને સાકાર કરવા મને એ જ ક્ષણે, શંખ-ચક્ર-ગદા-પદ્મધારી ભગવાન નારાયણ બનાવી દીધો!

બરાબર એ જ વખતે પેલી ગોપાંગનાઓ ત્યાં આવી પહોંચી અને પોતાના શ્યામસુંદરને ન જોતાં એ તો હતાશ - ઉદાસ થઈ ગઈ! ત્યાં એકાએક એમણે ચતુર્ભુજ નારાયણ સ્વરૂપે મને જોયો અને તેમણે સૌએ બે હાથ જોડીને પ્રણામ કર્યા, મનમાં સ્તુતિ કરી અને ઝડપથી, પોતાના શ્યામસુંદર કનૈયાને શોધવા તેઓ બૂમો પાડતી અન્ય નિકુંજ તરફ દોડી ગઈ!

હે નારદજી! ત્યાર પછી થોડી જ ક્ષણોમાં, શ્રી રાધા ત્યાં આવી પહોંચી. એ નિકુંજમાં મારી પ્રાણવલ્લભા, શ્રી રાધાને આવેલી જોઈને હું અત્યંત પ્રફુલ્લિત થઈ ગયો. 'આજે તો ચાર હાથે મારી શ્રી રાધિકા સંગ દિવ્યપ્રણયાનંદની અલૌકિક મસ્તી લૂંટવાનો લહાવો લઈશ.' એવું વિચારીને હું હવે વધારે પ્રસન્નચિત્ત થઈ ગયો.

પરંતુ, જેમ જેમ શ્રી રાધા મારી નજીક આવતી ગઈ, તેમ તેમ અત્યંત તેજ ગતિથી મારી અન્ય બે ભુજાઓ વિલુપ્ત થઈ રહી હતી! મેં લાખ પ્રયત્ન કર્યો કે પ્રિય રાધાને, ચતુર્ભુજ સ્વરૂપે જ મારા ચારેય બાહુપાશમાં જકડી લઉં! મંદમંદ મલકાતી શ્રી રાધાએ નજીક આવીને જ્યાં મારા પર પોતાની પ્રેમાળ, ભાવપૂર્ણ નજર ઠેરવી તે જ ક્ષણે હું દ્વિભુજ કૃષ્ણકનૈયો જ રહી ગયો!

આ અભૂતપૂર્વ દિવ્ય પ્રસંગ પોતાના પટરાણી અને શ્રી નારદજીને સંભળાવ્યા બાદ ભગવાન શ્રીકૃષ્ણે ઉમેર્યું કે...

'મુનિવર્ય! આવો હતો, મહાભાવરૂપા શ્રી રાધાજીના અપ્રતિમ માધુર્યનો વિલક્ષણ પ્રભાવ! એમની સન્મુખ મારી ઐશ્વર્યશક્તિ કોઈપણ રીતે પોતાને પ્રત્યક્ષરૂપમાં ટકાવી શકતી ન હતી. અન્ય ગોપસુંદરીઓનો ભાવ પણ શુદ્ધ માધુર્યમય જ હતો; પરંતુ શ્રી રાધાના મહાભાવની સરખામણીમાં એમનો ભાવ કંઈક ઊતરતો હતો. તેથી તેમની સામે મારી ઐશ્વર્યશક્તિ પોતાનો પ્રભાવ અભિવ્યક્ત કરી શકી. પરંતુ શ્રી રાધાજીનો 'માધવ મહાભાવ' એમનાં સુંદર ચક્ષુઓમાંથી પ્રગટ થતાં જ મારા ઐશ્વર્યને પરાજિત

થઈને ઓગળી જવું પડ્યું.'

આ સંસારરૂપી રંગભૂમિ પર શ્રી રાધાજી અને શ્રી સીતાજી આ બન્ને નારીપાત્રો ભજવનારી મૂળભૂત 'શક્તિ'તો એક જ છે અને તે મારી ગોલોકેશ્વરી શ્રી રાધિકા જ છે, છતાં સ્થળ, સમય અને સંજોગો જોઈને જો આ બન્ને સ્વરૂપોનું તટસ્થ મૂલ્યાંકન મારે કરવાનું હોય તો સીતાજી પ્રત્યે મને પૂર્ણ આદર, માન અને ભારોભાર પ્રેમ હોવા છતાં હું રાધાજીની આજીવન તપશ્ચર્યા, અભૂતપૂર્વ ત્યાગ, સર્વોત્તમ સમર્પણ, યમુનાસમ નિર્દોષતા અને ગંગાસમ પવિત્રતા તો યાવચ્ચંદ્રદિવાકરૌ સર્વશ્રેષ્ઠ રહેશે એમ કહ્યાં વિના રહી શકતો નથી.

ભગવાન શ્રી રાધામય બની ગયા હોવા છતાં, એમણે શ્રી રાધાજી માટે પ્રસંશાનાં જે પુષ્પો પોતાના વિરહી હૃદયમાંથી વેર્યા તેમાં પૂર્ણતઃ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'નો રણકો હતો. નારદજી અને રુક્મિણીજી બન્નેએ ક્રમશઃ પ્રભુના શ્રીચરણમાં પ્રણામ કરીને મનોમન શ્રી રાધિકાજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા તેથી તેઓ અત્યંત પ્રસન્ન થઈ ગયા.

પછી આ દિવ્ય કથાનું સમાપન કરતાં શ્યામસુંદર બોલ્યાઃ 'હે મુનિવર! હે દેવી રુક્મિણી! તમે બન્ને સનાતન કાળથી મને અત્યંત પ્રિય છો અને તમને હું મારાં નિકટતમ સ્વજન ગણું છું. તેથી આ 'કૃષ્ણાવતાર'ની કેટલીક ગોપનીય ઘટનાઓ તમારી સમક્ષ કહ્યાં વિના હું રહી ન શક્યો.'

આ બાજુ પેલું સ્વપ્ન તો ચાલુ જ હતું. વિશાખાએ છાયાદેવીને શ્રી રાધાજીના સર્વોત્તમ 'માધવ મહાભાવ'નો ખ્યાલ આપી દીધો અને બે હાથ જોડીને પુનઃ પુનઃ વિનંતી કરી કે તેઓ શ્રી રાધાજીને વિષ્ણુરૂપ નારાયણનાં ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કરાવીને, શ્યામસુંદરના વિરહની મહાવ્યથાને શાંત પાડવાનો વ્યર્થ પ્રયત્ન છોડી દે એમાં જ શ્રી રાધાજીનું ગૌરવ છે.'

છાયાદેવીએ આ મહાશક્તિ સ્વરૂપા, ગોલેકેશ્વરીનું ભાવભીનું અભિવાદન કર્યું. યમુનાજીએ બન્ને સખીઓ સહિત શ્રી રાધાજીને પુનઃ પોતાના વાત્સલ્યઝરતાં હૃદયથી આલિંગન આપીને ત્યાંથી ઉપાડ્યાં અને વ્રજભૂમિના કિનારે વિરહથી સાવ સુકાઈ ગયેલા પેલા કદમ્બવૃક્ષ નીચે સુવાડી દીધા.

પોતાના શીતળ પ્રેમવારિનો છંટકાવ કરીને ભાનમાં લાવ્યા બાદ શ્રી યમુનાજી રાધિકાને સાંત્વનના બે શબ્દો કહેવા જતાં હતાં જે સાંભળવા હું એકાગ્રચિત બની ગયો હતો. પરંતુ બરાબર એ જ વખતે, મારા પટરાણીએ મારા ચરણસ્પર્શ કરીને મને એવો ઢંઢોળ્યો કે હું ભર ઊંઘમાંથી ઝબકી જાગી ગયો.

આટલું કહીને શ્યામસુંદર એવા ખડખડાટ હસી પડ્યા કે શ્રીરુક્મિણી શરમાઈ ગયાં. હાસ્યવિભોર થઈ ગયેલા પ્રાણનાથને નયનકટાક્ષથી વીંધીને એમણે એવા મધુર ભાવથી એમની સામે થોડી ક્ષણો તાકીતાકીને જોયા કર્યું કે જાણે એમ ન કહેતાં હોય કે,

''રહેવા દો ને, નટખટ નંદકિશોર! હજી તો તમે એવા ને એવા જ રહ્યાં! કરો છો તમારા મનનું ધાર્યું અને નિમિત્ત બનાવી દીધી મને. શ્યામસુંદર! તમે બહુ જબરા!!''

રાત્રિનો બીજો પ્રહર પૂરો થતાં સેવિકાને બોલાવીને રુક્મિણીજીએ સ્વામીનાથ અને નારદજીના શયન અંગેની બધી વ્યવસ્થા કરાવી દીધી અને પછી પ્રભુનો ચરણસ્પર્શ કરીને તથા નારદજીને પ્રણામ કરીને તેઓ હળવાંફૂલ જેવાં થઈ ગયાં એના આનંદમાં મલકાતાં મલકાતાં શયન માટે પોતાના શયનકક્ષમાં પહોંચી ગયા. ◆ ક્રમશઃ

**નોંધ :** શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

સૌજન્ય : પલ્લવી જયેશ રૂપાણી, મુંબઈ

# અમે તો રીઢા ગુનેગાર, જનમ જનમના...

■ **વિજય સી. સંઘવી,** 'અબૂધ' અબૂધાબી (દુબઈ)

(રાગઃ અમે મહીંયારા ગોકુળ ગામના)
અમે તો રીઢા ગુનેગાર, જનમ - જનમના,
વળી, પાંહરા જલ્દી નહીં થવાના,
ફરી ફરી પાકા જ થવાના,
ભલે તીર્યંચમાં જઈ માલિકના ડફણાં ખાવાના!
અને તેના ડચકાં પણ ફોલો કરવાના,
અત્રે સત્સંગમાં નવા બહાના બતાવવાના !!
આત્માના 'છ' જ પદ કરવામાં પણ આપદા!
ભલે જ્ઞાનીનું હૈયું કરીએ ગદ્ ગદ્ !!
પણ અંતરંગમાં અમોને કંઈ નહીં ખેદ!
આથી અબૂધને અચરજ...
જીવ ક્યારે પામશે ભેદ?
'દેહ' અને આત્મા ભિન્ન છે છતાં,
કેમ નથી થતાં મુમુક્ષુઓ ખિન્ન?
કારણ? અમે તો રીઢા ગુનેગાર જનમ જનમના
વળી, પાંહરા જલ્દી નહીં થવાના,
ફરી ફરી પાછા જ અવતરવાના. (૧)

રાજ માર્ગ નથી કઠીન,
ભાવ પુરુષાર્થથી અતિ આસાન,
શબ્દાર્થ-ભાવાર્થ નથી અરણ્યના થોથા,
કે ખાવા પડે બહુ ગોથા;
'અબૂધ' કહે પૂર્વે જીવે ખાધેલાં છે ઠેબા,
હૈયાની સન્મુખ સીવેલા હતાં જાણે ડોબા,
સદ્ગુરુ તો જે છે તે, જેમ છે તેમ,
યથા-તથા જણાવે છે ન બોલે કંઈ વ્યથા!
પણ આપણે દોઢ ડાહ્યા તેથી,
પુરાવા બધાના માંગવાના,

અમે તો રીઢા ગુનેગાર જનમ જનમના,
વળી પાંહરા જલ્દી નહીં થવાના,
ફરી ફરી પાછા અવની ઉપર અવતરવાના,
ભલે તીર્યંચમાં જઈ માલિકના ડફણાં ખાવાના!
અને તેના ડચકાં પણ ફોલો કરવાના,
પરંતુ સત્પુરુષના બોધથી આઘા ભાગવાના. (૨)

ગુરુ કહે આત્મા આરાધન માટે,
માત્ર રોજનું બે કલાકનું વાંચન,
ઊંડુ - રૂડું ચિંતવન, ભાવ - પુરુષાર્થ,
લોકલ પરમાત્માની સભામાં હાજરી,
શીબીરમાં જવાની તૈયારી,
આશ્રમની મુલાકાત લઈ અવાર-નવાર,
જ્ઞાનીની મુદ્રા–વચન-ચેષ્ટા,
નીરખવા સંભારવા વારંવાર,
સત્સંગમાં જવા ઘાલી ઊજળા લુગડાં,
ડોળ - દેખાવ - દંભ કરવાના;
કારણ? અમે તો રીઢા ગુનેગાર જનમ જનમના
વળી, પાંહરા જલ્દી નહીં થવાના,
ભલે તીર્યંચમાં જઈ માલિકના ડફણા ખાવાના,
અને તેના ડચકા પણ ફોલો કરવાના,
પણ સત્પુરુષનો સંદેશ મનમાં નહીં ઊતારવાના. (૩)

કોઈ સેન્ટરના આયોજનથી,
આશ્રમની મુલાકાત મફતમાં લઈશું,
હરી-ફરી, ખાઈ ભરપેટ ભોજન,
ખાખરાના ત્રણ પેકેટ્સ ખરીદવાના,
આશ્રમને કર્યું યોગદાન,

એમ મનોમન માની ફુલાવાના;
રૂા. ૫૦૦ પણ શુભ ખાતામાં નહીં લખાવાના!
આવી છે અમારી વૃત્તિ!
ક્યાંથી ઉગશે ઉરે ખરી ભક્તિ?
છતાં જીવને ખપે છે સમકિત !
આવી છે આચરણની વક્રોક્તિ!
વળી, મુમુક્ષુ રાગડાં તાણી ગાવાના,
અને ગાઈ, બતાવવાના
મારગ સાચા મિલ ગયા,
છૂટ ગયા સંદેહ,
વચનામૃત આખુ જોઈ ગયા?
સ્વદોષ કેમ નથી દેખાતા?
પત્રો બધાનું પાન નથી કરતા,
પત્રાંક ૨૫૪, ૪૧૬, ૪૪૯, ૪૬૭
બધામાં ત્રણ ત્રણ દોષ, કુલ દોષ બાર,
બધાને કરો બરાબર, અથવા નિજ ઘરની બહાર.
નથી તમારા કહ્યામાં,
તો આવવા દીધા કેમ અંદર?
૨૫૪માં (૧) આ લોકની અલ્પ પણ સુખેચ્છા
(૨) પરમ દૈન્યતાના ઓછાઈ
(૩) પદાર્થનો અનિર્ણય
આથી જ બધું જાય છે આવરાઈ,
૪૧૬માં હું કંઈજ જાણતો નથી,
એવો નથી પરમ વિજય,
તેથી અટક્યો છે તમારો વિજય,
પરિગ્રહાદિ ઉપર વિશેષ મહોબ્બત
એજ છે તમારી મુસીબત,
૪૪૯માં વેદાન્તની વાત
મળ-વિક્ષેપ-આવરણ
રાગ - દ્વેષ - અજ્ઞાન
જ્ઞાનીની મુદ્રા - વચન - ચેષ્ટા નીરખવા
વારંવાર મરજીથી કરીશું ફેરફાર.
કારણ અમે તો રીઢા ગુનેગાર જનમ જનમનાં,
વળી, પાંહારા જલ્દી નહીં થવાના.
૪૬૭માં જ્ઞાનીને પોતા જેવા સમજવાના,
તેનામાં વિલક્ષણપણું નહીં જોવાના,
પરિભ્રમણ વધારીશું અને માનીશું તેથી શું?
ભલે તીર્યંચમાં જઈ માલિકના ડફણાં ખાવાના,
અને તેના ડચકા પણ ફોલો કરવાના,
પણ જ્ઞાનીનો બોધ ઉવેખવાના. (૪)

તમે સહુ ભેગા મળી રવાના કરવાના,
પણ સાદડીમાં આવા આવા,
સ્તવનો ભજનો ગવરાવવાના,
પંખીડાને જુનું જુનું લાગે,
બહુ યે સમજાવ્યું,
તોયે, નવું પીંજરૂ માંગે.
હંસલો પ્રભુભજનનો આળસુ રે...
હંસલાને મોતીનો ચારો ગમતો નથી.
તે તો બેસે કાગડાની સંગાથ...
ભુલો ભલે બીજું બધું-
પણ મા-બાપ સદ્ગુરુને ભુલશો નહીં...
આમા અવસર હતો મારો, પણ મારી ગેરહાજરી.
છેલ્લી ઘડીએ આવી તૈયારી.
કારણ? અમે તો રીઢા ગુનેગાર જનમ જનમના,
વળી, પાંહરા જલ્દી નહીં થવાના,
ફરી ફરી પાછા અધૂરા જ પ્રગટવાના
અને કાળક્રમે પુનરાગમન જ કરવાના,
કરશું આવા આંટા-ફેરા...
છતાં ગુરુને કહીશું, અમારો છે અંતરનાદ.
અમને આપો આશીર્વાદ - આશીર્વાદ! (૫)

- પાંહરા - સીધા સરળ
- રીઢા - વારંવાર ગુનો કરી જીવન મરણની સજા ભોગવવી

તા.ક. ખાસ વિનંતી : કવિતા કવિતાર્થે આરાધવા યોગ્ય નથી. સંસારાર્થે આરાધવા યોગ્ય નથી, ભગવદ્ ભજનાર્થે, આત્મકલ્યાણ અર્થે જો તેનું પ્રયોજન થાય તો પરમાત્માનું ફળ છે. ◆

**સૌજન્ય : વિજયભાઈ સંઘવી, રીસર્ચ સેન્ટર**

SRATRC - RAJNANDGAON

# धन्य धरा राजनंदगाँव में SRATRC भूमि पूजन महोत्सव



छत्तीसगढ के राजनंदगाँव से मात्र ६ कि.मी. की दूरी पर ग्राम ''गदुला'' में मध्य भारत का प्रथम श्रीमद् राजचंद्र आत्म तत्व रिसर्च सेन्टर की स्थापना की जा रही है जिसका भूमि पूजन महोत्सव ५ मार्च २०१८ को हुआ।

**''एक आत्मा को जाना तो सबको जाना.''** आत्म तत्व को जानने के लिए व आत्म तत्व की प्राप्ति के उद्देश्य से प्रभु महावीर के बताए गए सिध्धांतो एवं श्रीमद् राजचंद्रजी (परम कृपालु देव) के द्वारा प्रतिपादित वैज्ञानिक रीति से किस प्रकार रिसर्च किया जाए इस उद्देश्य से परम पूज्य प्रेम आचार्यजी के मार्गदर्शन में इसे बनाया जा रहा है।

ये रिसर्च सेन्टर अभी ६ एकड़ जमीन में बन रहा है जिसके पहले फेस में एक स्वाध्याय होल, डायनिंग होल, ३७ कमरे और एक गेस्ट रुम की योजना है।

इस भव्य भूमि पूजन महोत्सव के निमित्त राजनंदगाँव में ३ से ५ मार्च का त्रिदिवसीय कार्यक्रम का आयोजन किया गया था।

भूमि पुजन महोत्सव के निमित्त से राजनंदगाँव की धन्य धरा पर करूणामूर्ति, परम उपकारी, महावीर शिष्य परम कृपाळु देव के परम भक्त परम पूज्य प्रेमाचार्यजी (प.पू. पप्पाजी) व परमार्थ सखा श्री निलेशभाई का पर्दापण ३ मार्च को हुआ। यह दिन छत्तीसगढ व राजनंदगाँव के मुमुक्षुओं के लिए अत्यंत ही हर्ष व उल्लास का था। सभी मुमुक्षु पूज्य श्री के स्वागत के लिए बहुत ही उत्साहित थे। जैसे ही पूज्य श्री राजनांदगाँव पधारे खुशी की लहर सभी में दिखाई रही थी। स्टेशन पर बाजे गाजे से व राज इम्पीरियल में मीरा बहनों ने घुमर व मारी रंगाजी में प्रस्तुति देकर पूज्य श्री का स्वागत किया।

२ मार्च २०१८ के दिन मुमुक्षुओ द्वारा सदगुरु भक्ति का कार्यक्रम रखा गया था। पंच परमेष्ठी के पांच रंग अरिहंत - सफेद, सिध्ध-लाल, आचार्य - पीला, उपाध्याय - हरा व साधु - नीले रंगो पर नृत्य व ड्रामा प्रस्तुत कर पंच परमेष्ठी रंगो पर की आराधना कर पूज्य श्री को वंदन किए। बहुत से मुमुक्षुओ अलग प्रस्तृति के माध्यम से अपने भावअभिव्यक्ति की।

परम पूज्य पप्पाजीने आर्शीवचन देते हुए बलवान पुरुषार्थ की प्रेरणा दी और कहा कि आत्मा का पुरुषार्थ चाहे न करना हो तो भी करो परंतु संसार को छोड़ने का पुरुषार्थ अवश्य करना चाहिए। कर्म बंधन का कारण संसार से प्रति तीव्र आसक्ति भाव, मोहभाव या माया जो कुछ भी कहना हो कहे वह है। अंतरंग से भाव होना चाहिए मोक्ष सिर्फ आत्मा जा सकता है शरीर नहीं जा सकता है। देहाध्यास कम करने की कोशिश करे।

३ मार्च के दिन ''स्पर्श भक्ति'' राजनंदगाँव जैन बगीचे में रखी गई थी। स्पर्श भक्ति ग्रुप ने बहुत ही अधिक भावपूर्ण प्रस्तुति दी जिसमे सभी श्रोतागण भक्ति भाव में डूब गये। पूज्य श्री प्रेमाचार्य जी के सानिध्य के यह अनुपम भक्ति लाभ था।

४ मार्च सुबह परमज्ञान सभा थी जिसमे परम पूज्य पप्पाजी के बोध वचन (मोक्षमाला - शिक्षा पाठ ७७) हमे प्राप्त हुआ। पूज्यश्रीने कहा कि आप का विषय ज्ञान है इसे हमने जितना सामान्य समझा है उससे कई कई गुना, हजारो गुना गंभीर ये विषय है।

आज जो आप सुनेंगे वह करोड़ो वर्ष में आपने नहीं सुना होगा। प्राण जाने देते है लेकिन अपनी मान्यता नहीं छोड़ते है। सिर्फ आत्मज्ञान ही ज्ञान हो सकता है बाकी सब अधुरा नाम का अज्ञान है। जिसके द्वारा वस्तु का स्वरूप जाना जाए उसे ज्ञान कहते है।

५ मार्च यह शुभ दिन भूमि पूजन महामहोत्सव का दिन आ गया जिस निमित्त से यह त्रिदिवसीय महोत्सव चल रहा था। विधिकारक भाईश्रीने बहुत ही भावपूर्ण तरीके से स्नात्र पूजन, भूमि शुद्धि, नवग्रह पूजन, पाटला पूजन आदि कार्यक्रम संपन्न कराए। उसके पश्चात भूमि पूजन का कार्यक्रम सम्पन्न हुआ। सभी मुमुक्षुओ एवं सभी अतिथिने पूज्यश्री के आर्शीवचन का लाभ लिया। पूज्यश्री प्रेमाचार्यजी ने कहा कि कोईभी प्रतिज्ञा लेने की जगह मुझे जीवन भर आत्मधर्म की श्रद्धा टिकी रही ये भाव करने है। एवं वर्ष तक कोईभी प्रतिज्ञा दो लोगों की साक्षी में लेनी है। मै आत्मा हुँ तो मेरा धर्म आत्मधर्म ही होना चाहिए, देह का धर्म मेरा धर्म हो ही नहीं सकता। क्योंकि मुझे आत्मा व उसके धर्म की समझ नहीं है तो मुझे वह आत्मज्ञानी गुरु के द्वारा ही प्राप्त हो सकता है।

तत्पश्चात सभीने स्वीमीवात्सल्य का लाभ लिया। ◆





सौजन्य : एक मुमुक्षु, बैंगलोर

## ધારાવાહિક નવલિકા

# આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૧૧)

આંખે આંખ મળતા જ અનાયાસ આનંદની હેલી જામી. હૃદયકમળની પાંખડીઓ બધી એકસાથે ખૂલી ગઈ. ચિરપરિચિત ચહેરો જોતાં જ મનને આશ્વાસન મળ્યું. પળ બે પળ એમ જ વીતી ગઈ પછી ઈશાને નીચે નમીને સોમગિરિની ચરણરજ લીધી. સોમગિરિએ ઈશાનને બાથમાં લઈ લીધો.

સહેજ વાર એનો વાંસો પસવારીને ઈશાન છૂટો થયો અને પાસે પડેલી ખુરશી તરફ હાથ કરીને બોલ્યો, 'બૈઠિયે સોમગિરિજી! બતાઈયે, કૈસે આના હુઆ?'

સોમગિરિ મૂંઝાઈને ઈશાન સામે જોવા લાગ્યો. આસપાસના વૈભવી વાતાવરણના પ્રભાવ હેઠળ એ આમેય થોડો મૂઢ જેવો થઈ ગયો હતો. એણે કહ્યું, 'તનિક ઠહરકે બાત કરુંગા.'

'જૈસી આપકી મરજી!' કહી ઈશાને છગન સામે જોયું, 'બાપજીને મારા ઓરડામાં લઈ જશો છગનભાઈ? છેટેથી આવ્યા છે, જોઈતું કારવતું જોજો, હં!'

'મૈં અભી આયા!' ઈશાને સોમગિરિ સામે સ્નેહાળ નજર નાખીને જાણે રજા લઈ લીધી અને ઉદ્વિગ્ન મને બારણાની બહાર રાહ જોતાં નિરંજનભાઈ તરફ ચાલ્યો.

'શું થયું છે રજતના અંગૂઠાને?'

'કાળો પડી ગયો છે.'

ઈશાને હસીને રજતને કહ્યું, 'આ અંગૂઠો કેમ કાળો કર્યો છે?'

'શી ખબર એની મેળે થઈ ગયો.' કહી રજતે ઓઢવાનું આઘું ખસેડી જમણો પગ લંબાવ્યો.

ઈશાનના ચહેરા પરનું સ્મિત ઓલવાઈ ગયું. એકીટશે એ કાજળકાળા અંગૂઠા સામે જોઈને એણે પૂછ્યું, 'આવું ક્યારે થયું, રજત? તને દુખતું નથી?'

'ના રે ના, કશી ખબર જ પડતી નથી.'

સહસા આગળ વધીને એ કાળા અંગૂઠાને જોરથી મરડ્યો, પણ રજતના ચહેરા પરની એકે રેખા બદલાઈ નહીં. ઈશાને બેચાર પ્રશ્નો પૂછ્યા. પછી રજતનો ખભો થાબડીને એ બહાર નીકળ્યો. ચિંતાતુર નિરંજનભાઈ સાથે જ હતા. એમણે પૂછ્યું, 'શું લાગે છે બાબા? મટી જશે ને?'

ઈશાને ચાલતાં ચાલતાં અટકી જઈને નિરંજનભાઈને કહ્યું, 'હું ડૉક્ટર નથી. ડૉક્ટર માર્શલ શરીરના રોગ સમજે કે હું? એમ છતાં બીજા એક-બે ડૉક્ટરને બતાવી જોવું છે?'

'બે નહીં, બાર! પણ તમે કહો એ જ કરવાનું અંતે, ડૉક્ટર કહે તે નહીં.'

'વૈદ્યો નારાયણો હરિઃ આપણે આસ્થા રાખવી જોઈએ.'

'બાબા એક બીજી વિનંતી છે. જરાક ઈપ્સુના રૂમમાં આવશો? ક્યારની રડ્યા કરે છે.'

ઈપ્સિતાના રૂમમાં આ પહેલાં ઈશાને પગ મૂક્યો નહોતો. બધે આછું ધુમ્મસ છવાયું હોય એવી સફેદ રાખોડી રંગરચના અને એક બાજુએ પિત્તળની દીવીઓમાંથી પ્રગટેલી પ્રકંપિત જ્યોતના પ્રકાશના

પ્રવાહમાં નહાતી દુર્ગાની અતીવ મનોહર પ્રતિમા! આનું સતત સાન્નિધ્ય સહન કરવાની પણ શક્તિ જોઈએ... ઈશાને જરા માનપૂર્વક ઈપ્સિતાની સામે જોયું. અત્યંત સ્નેહથી ઈપ્સિતાને માથે બન્ને હાથ મૂકીને ઈશાન બોલ્યો 'ઊઠ, ઈપ્સિતા! રજતને તારી જરૂર છે. ઊઠ, મોં ધોઈ લે.'

લગીરે આનાકાની વગર ઈપ્સિતા ઊઠી અને હાથ મોં ધોઈને ઈશાન પાસે આવી બાળકની જેમ પૂછવા લાગી, 'હવે શું કરું બાબા?'

'રડવાથી અંગૂઠો સારો ન થાય, ઈપ્સિતા! તું એની પાસે જા.'

'જી.' કહી ઈપ્સિતાએ ચાલવા માડ્યું.

ઈશાન પણ સાથે જ બહાર નીકળી પોતાના ઓરડામાં ગયો. સોમગિરિ હજી મૂંઝાયેલા ચહેરે આસપાસ જોયા કરતો હતો. એની પાસે જઈને ઈશાન બોલ્યો,

'અબ બતાઈયે, ક્યા બાત હૈ? કૈસે આના હુઆ?'

'ઈશાનબાબા! વહાં મેરા મન નહીં લગતા.'

'ગુરુચરણોં મેં જો લગ ગયા ઉસકે અલાવા ભી એક મન છિપાકે રખા થા ક્યા, સોમગિરિજી?'

સોમગિરિ નીચું જોઈ ગયા. ઈશાનનો સ્વર ભલે માયાળુ હોય, એનો પ્રશ્ન બહુ ધારદાર હતો.

'કોઈ એક બાત હો તો બતાઉં - અબ તો સુબહ સે શામ તક કોઈ ન કોઈ પરેશાની રહતી હૈ બાબા! પતા નહીં યહ સબ ઝમેલા કહાં તક ચલેગા? ઔર ફિર હંમેશા આપકી બૂરાઈયાં કરતા રહતા હૈ, મુઝસે તો સુના નહીં જાતા.'

સોમગિરિ કોની વાત કરતો હતો તે તરત સમજાઈ ગયું. ખૂબ ગંભીર થઈને ઈશાને કહ્યું, 'સબ અપની અપની મરજી કે માલિક, સોમગિરિ! જો ચાહે સો કહે - હમેં ઈસસે ક્યા લેના દેના? આશ્રમ છોડને સે પહેલે પ્રતાપગિરિજીકી આજ્ઞા લી થી ?'

'અબ ઉસકી ક્યા આજ્ઞા લેની બાબા? ઉસકા તો મૂંહ દેખને કા ભી મન નહીં હોતા.'

'ફિર વહી મન?'

સોમગિરિ ઈશાનનો કડક ચહેરો જોઈને અંદરથી ધ્રૂજી ઊઠ્યો. તેમ છતાં એણે ઝડપથી પોતાને જે કહેવું હતું તે બધું જ કહી નાખ્યું.

'ઈસ લીયે આપ લૌટ આઈએ બાબા!'

'લૌટને કે લિયે તો નહીં ચલે થે ન? ઔર ફિર ગેરુઆ ભી તો કોઈ ખેલ નહીં, ચાહે તબ પહન લિયા, ચાહે તબ ઉતાર દિયા!'

'વહી બેસમેં આ જાઈયે બાબા, આપકા આના બહોત જરૂરી હૈ, અગર આપને આને સે ઈન્કાર કર દિયા તો યહ આશ્રમ ટિકનેવાલા નહીં.'

'ઐસા કભી નહીં બોલના સોમગિરિજી! ગુરુદેવ સત્યસંકલ્પ થે, ઉનકે આશ્રમકા કોઈ કુછ નહીં બિગાડ સકતા. આશ્રમ રહેગા. આપ સબ ઉસી તરહ રહેં જૈસે પહલે રહતે થે. આશ્રમનિવાસ આત્મસાક્ષાત્કાર કે લિયે હૈ. છોટી મોટી ચીજોં કી ઓર ધ્યાન હી નહીં દેના ચાહિયે.. ચલિયે, અબ ધ્યાનકા સમય હો ગયા હૈ.'

ઘણા વખત પછી સોમગિરિએ ઈશાનની સમીપ બેસીને મંત્રજાપ કર્યો. ઈશાનને મોંએથી ઓમકારનો ગુંજારવ સાંભળ્યો. ચિત્ત પ્રસન્ન થઈ ગયું. ઈશાન તો ધ્યાનમાં લીન હતો. એના ચહેરા સામે જોઈને સોમગિરિના મનમાં સુખની લહેરો જાગવા લાગી. નસીબદાર છે ને આ શહેરના લોકો! એમને ઈશાનબાબાનું સાન્નિધ્ય મળશે. જ્યારે ઈચ્છે ત્યારે દર્શનનું સુખ, ઉપદેશનું સુખ, સત્સંગનું સુખ...

નિત્ય નિયમ મુજબ દૂધના

કટોરા હાજર થઈ ગયા હતાં. ઊઠ્યા પછી ઈશાને એ તરફ હાથ કર્યો. સોમગિરિએ એક કટોરો ઊંચક્યો અને શરમાઈને કહ્યું, 'બાબા! ભૂલ હો ગઈ. માફ કરના.' ઈશાને સ્મિત કરીને પ્રેમથી એની સામે જોયું. સોમગિરિએ એના હાથમાં કટોરો મૂકીને બીજો લીધો અને ઈશાન પહેલાં પીએ એની રાહ જોવા લાગ્યો. પછી ક્યાંય લગી વાતો ચાલી. ગુરુજીના એક એક બોલ યાદ કરીને બન્ને એક ઊંડા શીતળ આનંદનો અનુભવ કરવા લાગ્યા.

અબ આપ વિશ્રાન્તિ કરે. મુઝે યહ કિતાબ પૂરી કરની હૈ. કલ આપકે સાથ આશ્રમ મેં લે જાઈયે ઔર પ્રતાપગિરિજી કો દે દીજિયે. ગુરુજીને સેવા દી થી. કહતે થે, કભી કિસીકે કામ આયેગી. અચ્છા હરિ ઓમ!'

એ રાતે સુવાયુ નહીં. અનુવાદનું કામ ધાર્યા કરતાં વધારે બાકી હતું, પણ પૂરું કરવું જ જોઈએ. સોમગિરિની સાથે મોકલવાની તક ખોવાય નહીં. લખતાં લખતાં આસપાસનું ભાન ભુલાઈ ગયું. એકેક શબ્દ પાળેલા પંખીની જેમ પાસે આવે છે, હથેળીમાંથી ચણ લઈને ઊડી જાય છે. ઈશાન તો ક્યાંય કશું કરતો નથી. ગુરુજી પોતે પોતાનું કામ એની આંગળીઓ મારફત કરાવે છે. છેલ્લો ફકરો આવ્યો ત્યારે કંઈક સૂનાપણું લાગવા માંડ્યું. આ અનુવાદ ઈશાનને ઓમકારગિરિ સાથે સાંધતો છેલ્લો તંતુ હતો. એનું કામ ચાલતું હતું ત્યાર લગી મનમાં એક સલામતીની ભાવના હતી. પોતે ગુરુદેવની નિશ્રામાં છે. હંમેશ કરતો એમ આજે પણ એમના આદેશનું પાલન કરે છે. ગુરુદેવ એની પાસે છે. એમની અમીદ્રષ્ટિ એના પર છે. પણ આ પતી ગયા પછી શું? આ છેલ્લી જવાબદારી તે એનું છેલ્લુ બંધન હતું. એ તૂટી ગયા પછી ઈશાન માટે ગુરુની કોઈ આજ્ઞા નહીં રહે?

ગુરુદેવ ક્યાં ચાલી ગયા? મનમાં ડૂમો ભરાઈ આવ્યો. શું ગુરુજીને પળે પળે યાદ કરી શકાય? એવું ધારી શકાય કે તેઓ ક્યાંય ગયા નથી, અહીં જ છે. કહે છે, 'બેટા, ચલતે રહના, પહુંચ જાના!'

એમના શબ્દો યાદ આવતાં જ ઈશાનનો કલ્પનાવિલાસ પૂરો થઈ ગયો. આવું બધું ન વિચારાય. ગુરુ તો પાસે જ છે, નિરંતર અંતરમાં બિરાજે છે. એમની પાસે વિનમ્ર ભાવે બેસીને પૂછીએ તો આદેશ મળે જ મળે - એમાં કશો જ શક નથી. ઈશાન એકલો નથી. અંદરબહારસર્વવ્યાપીચૈતન્યથી એ તસુભાર વેગળો નથી... પુસ્તક પૂરું કરીને ઈશાને પ્રણામ કર્યા. ગુરુની આજ્ઞાનું પાલન કરી શકાયું એનો આનંદ અનુભવીને સોમગિરિના હાથમાં પુસ્તક મૂકતાં ઈશાને બહુ સ્નેહથી કહ્યું, 'પ્રતાપગિરિ કે હાથમેં યહ દે દેના. જો ચાહે સો કરે.. ઔર હાં, હમારી ઓરસે 'ઓમ્ નમો બ્રહ્મણે' બોલ દેના.'

નિરંજનભાઈના બેઠકના ઓરડામાંથી અર્ણવ અને આશુતોષના અવાજ સંભળાવા લાગ્યા. ઈશાનને ઘણી નવાઈ લાગી. અત્યારના પહોરમાં આ લોકો અહીં ક્યાંથી?

જેવો તે અંદર પેઠો કે તરત આશુતોષે જરા સત્તાવાહી અવાજે કહ્યું, ''જો ઈશાન, તારે અહીંથી આપણે ત્યાં જ આવી જવાનું છે, સમજ્યો?''

'નહીં આશુભાઈ, ધેટ ઈઝ નોટ ફે..ર! મારે ત્યાં તો એ હજુ રહ્યો જ નથી. માંડ એકાદ બે દિવસ... હવે તો એને હું જ લઈ જવાનો છું. એ કંઈ તમારો એકલાનો ભાઈ નથી.'

'ઈશાન, મેં તારા મેડિટેશન ક્લાસીઝ માટે બધી તૈયારી કરી નાખી છે. આઈ વિલ મેનેજ ધ હોલ શો..'

'એન્ડ પોકેટ ઓલ ફીઝ!' અર્ણવ એવા અવાજે બબડ્યો કે

ઓરડાની બહાર ન સંભળાય, પણ આશુતોષને બરાબર ઝાળ લાગે. ગુસ્સે ભરાયેલો આશુતોષ કંઈ પણ બોલે તે પહેલાં ઈશાને ધીમા, પણ મક્કમ અવાજે કહ્યું, 'પણ મારે આવા કોઈ ક્લાસીઝ કાઢવા નથી.'

'તો શું પેલા બાવા સાથે પાછું ઉત્તરકાશી જવું છે? ઈશાન, ધેટ પ્લેસ ઈઝ નોટ સેઈફ ફોર યુ. આ તો એક ટ્રેપ છે, તને પકડવા માટેનું છટકું. પેલો પ્રતાપગિરિ તારી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં જરાયે ખંચકાય એવો નથી, સમજે છે? એણે જ તને ફસાવીને લઈ આવવા માટે આ બાવાને મોકલ્યો છે, જાણે છે?'

આશુતોષની વાત પૂરી થાય એ પહેલા અર્ણવે બોલવા માંડ્યું. 'આશુભાઈ ઈઝ રાઈટ, ઈશાન! આ બાવાઓનું ભલું પૂછવું, એ લોકો તો કંઈ એવા મંતરજંતર કરે કે માણસ માંદો પડે ને મરી પણ જાય!'

ઈશાન હસ્યો, 'એવું નથી હોતું, અર્ણવભાઈ! હુંયે પહેલાં બાવો જ હતો ને!'

'હા, તે તેંય આ શેઠના છોકરાને મરતો બચાવ્યો ને! આ મંતરબંતરનું બેધારી તલવાર જેવું છે. તારેય ખરા ને મારેય ખરા. કેમ આશુભાઈ?'

'બરાબર છે અને આઈ ટેલ યુ, યુ આર ફેમસ ઈન ધિસ સીટી. ઈશાન, જોજે તો ખરો, વિથ પ્રોપર પબ્લિસિટી ભલભલા રુસ્તમ તને અહીં પગે પડતા આવશે.'

'તેમાં મને શો ફાયદો?'

'શો ફાયદો? અરે મૂરખ, તને જે જોઈએ તે તે મળશે. બધાં તારો પડ્યો બોલ ઝીલી લેશે. રાતદહાડો તારી આગળપાછળ ફરશે. પેલો પ્રતાપગિરિ છોને એનું ઉત્તરકાશી પકડીને બેસી રહેતો! અહીં તારો એવો ડીલક્સ આશ્રમ થશે કે ન પૂછો વાત!'

'પણ હું સંન્યાસી નથી. મારો આશ્રમ ન હોય.'

'અરે, સંન્યાસી કી ઐસીતેસી - તું તારે ચાલ આપણે ઘેર!'

'પણ હવે એ મારે ઘેર રહેશે. નહીં ઈશાન?'

'જોઈએ, હજુ તો મારે પ્રાત:સંધ્યા પણ બાકી છે. હું જાઉં? આપણે પછી વાત કરીશું.'

'આટલો મોડો ઊઠે છે તું?'

'ના, કાલે હું સૂતો જ નથી.'

'આ છોકરાને માટે એવા વગર મફતના ઉજાગરા કરવાની શી જરૂર છે? ઈશાન! તને ખબર નથી, અહીંના લોકો તને એવો એક્સપ્લોઈટ કરશે ને! તું તારી મેળે આપણે ઘેર આવી જા.'

'કાલે તો હું પેલું પુસ્તક પૂરું કરવા માટે જાગ્યો હતો આશુભાઈ!'

'ઓ, થઈ ગયું? ચાલ, આપણે એની ડીલક્સ એડિશન કાઢીશું. યુ વિલ બી ફેમસ!'

'અને ઈશાન! અમને પૂછ્યા વગર કંઈ કમિટ ન કરતો!'

'વારુ. હવે જાઉં?' ◆

**ક્રમશઃ**

---

**નોંધ :** ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

સૌજન્ય : મીનલ રોહિત દોશી, મુંબઈ

# नंदीषेण मुनि

राजगृही नगरी के श्रेणिक महाराजा का पुत्र नंदीषेण, एक दिन महावीर की देशना सुनकर वैराग्य की भावना पैदा होने से दीक्षा देने के लिए प्रभु से प्रार्थना की। भगवान महावीर ने उसे थमने को कहा, ''अभी तूझे संसार के भोग भुगतने बाकी है।'' लेकिन तीव्र वैराग्य का रंग लगने से उसने संसार छोड़कर दीक्षा ली। भगवान ने भावि भाव जानकर उनको दीक्षा दी। दीक्षा समय शासन देवताओं ने भी दिव्य ध्वनि द्वारा सूचित किया, ''संसारी कर्म भुगतने बाकी हैं, कर्म किसीको भी छोड़ता नहीं है।'' लेकिन नंदीषेण ने दीक्षा ली और तप एवं संयमी जीवन बीताते हुए कई विद्याएँ प्राप्त कर ली। भगवान ने कहे भविष्य को झूठा करने के बहुत प्रयत्न किये, छठ्ठी के पारणे - आयंबिल एवं पुनः छठ्ठी - इस प्रकार तप प्रारंभ किये। विकार छोड़ने जंगल में रहने लगे। परंतु लंगूर जैसा मन विकारी विचार न छोड़ सका। मन मनाने के लिए खूब मथे और ऐसे विकारी मन से हारकर आत्महत्या करने के विचार से एख टेकरी पर चढे और कूदकर आत्महत्या की तैयारी करने लगे; लेकिन कूदते पहले आत्मा को धक्का लगा कि ऐसा आत्महत्या का पाप कर्म कैसे हो? प्रभु महावीर का नाम लज्जित होगा, आत्महत्या नहीं हो सकती। मन मरोड़कर दीक्षा के दिन व्यतीत करते रहे।

वे एक दिन गोचरी के लिए निकले और एक अनजान आवास पर पहुँचे।

धर्मलाभ बोलकर गोचरी की जिज्ञासा व्यक्त की। कर्म संजोग से वह आवास कोई गृहस्थी का न था। वह तो एक वेश्या का आवास था। वेश्या ने धर्मलाभ का जवाब दिया, ''यहाँ धर्मलाभ का कुछ काम नहीं है। यहाँ तो अर्थलाभ चाहिये।''

नंदीषेण को यह मर्मवचन चुभे ''ले तूझे अर्थलाभ चाहिये'' - यों कहकर एक तिनका हाथ से हिलाकर घर में साड़े बारह कोड़ी की बरसात की।

ऐसी विद्यावाला नवयुवक आँगन में आया देखकर वेश्या ने अपने हाव-भाव, चंचलता दिखाकर मुनि को भुलाया। मुनि साधुता छोड़कर गृहस्थ बन गये। मन को मनाया, भावि भाव संसारी भोग भुगतने बाकी हैं। वह वीरवाणी सच्ची ही होगी। भोग भुगत ही लूँ।

शासनदेव ने सुनाये भोग कर्मो का उदय हुआ जिससे बारह वर्ष तक इस आवास पर रहे। रोजाना दस व्यक्तियों को प्रतिबोधने का नियम बनाया। जहाँ तक दस व्यक्तियों को प्रतिबोधित न करे तब तक भोजन न करने का पक्का नियम।

एक दिन नौं व्यक्तियों को प्रतिबोधित किया लेकिन दसवां कोई न मिला। भोजन को देर हो रही थी। एक मूर्ख को प्रतिबोधित करने का प्रयत्न किया लेकिन व्यर्थ। वेश्या-बनिता ने हँसते हँसते कहा, ''नौ तो हुए, दसवें आप स्वयं।'' नंदीषेण की आत्मा प्रज्वलित हो उठी, ''हाँ दसवाँ हूँ मैं।'' सब कुछ छोड़कर भगवान के पास पहुँचे, पुनः दीक्षा ग्रहण की। शुद्ध चारित्र पालकर, तप-जप-संयम क्रिया साधकर कई जीवों को प्रतिबोध करके देवलोक पधारें। ◆

**सौजन्य: जिन शासन के चमकते हीरे**

# એક નાની વાર્તા



એક રાજા હતો, એને મૃત્યુનો ખૂબ ડર લાગતો હતો. સંપત્તિ અઢળક હતી, પણ મૃત્યુનો ડર તેને સંપત્તિનો આનંદ લેવા દેતો ન હતો. ગમે તે ભોગે એ મૃત્યુને હડસેલવા માગતો હતો. આ માટે જે ખર્ચ કરવો પડે તે ખર્ચ કરવા માટે તેની તૈયારી હતી. કોઈકે રાજાને સૂચન કર્યું કે તમે સારામાં સારા ડૉક્ટરને તમારી સેવામાં રાખો, એટલે તમને કંઈપણ થાય તો ડૉક્ટર તમને તાત્કાલિક સેવા આપીને બચાવી શકે. રાજાએ એમ કર્યું. પણ તેમને હજી બીક લાગતી હતી. કોઈ બીજાએ સૂચન કર્યું કે રાજ્યની ફરતી બાજુએ મજબૂત કિલ્લો કરી દો અને માત્ર એક જ દરવાજો રાખો અને એ દરવાજા પર રાજ્યના બધા સૈનિકોને રાખો જેથી કોઈ આક્રમણ કરી ન શકે અને તમને મારી ન શકે. મોતથી બચવા રાજાએ એમ પણ કર્યું. છતાંય એનું ચિત્ત બેચેન રહેતું હતું.

એક દિવસ કોઈ સંત આ રાજ્યની મુલાકાતે આવ્યા. રાજાને મળતાની સાથે જ સંતને ખબર પડી ગઈ રાજા કોઈ ચિંતામાં છે. એમણે રાજાને ચિંતાનું કારણ પૂછ્યું. એટલે રાજાએ પોતાને લાગતા મૃત્યુના ડર વિશેની વાત કરી. સંતે રાજાને કહ્યું, 'મૃત્યુથી બચવાનો મારી પાસે ઉપાય છે અને એ અકસીર ઉપાય છે.' રાજા તો રાજી રાજી થઈ ગયો. સંતના ચરણ પકડીને કહ્યું, 'મહારાજ, કૃપા કરીને મૃત્યુથી બચવાનો માર્ગ મને બતાવો.' સંતે રાજાને કહ્યું, 'મૃત્યુથી બચવાનો માત્ર એક જ ઉપાય છે, બીજાના હૃદયમાં જીવતાં રહેવું. તમારી આ સંપત્તિના ઉપયોગ દ્વારા કંઈક એવા કાર્ય કરો કે તમે લોકોના હૃદયમાં કાયમ માટે જીવતા રહો. પછી મૃત્યુ પણ તમને મારી નહીં શકે.'

મિત્રો, આપણી બુદ્ધિ અને શક્તિઓનો ઉપયોગ કરીને આપણે એવા કાર્યો કરીએ કે જેનાથી કેટલાય લોકોના હૃદયમાં સ્થાન પામીએ અને મૃત્યુને પણ મહાન કરી શકીએ. કારણ કે લોકોના હૃદયમાં જીવતા હોઈશું તો ત્યાંથી યમરાજ પણ આપણને નહીં મારી શકે. ◆

સૌજન્ય : વર્ષાબેન અશોક ભાયાણી, મુંબઈ

# સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ,** (પરમ પૂજ્ય બાપુજી)

મૃત્યુ પ્રસંગો:

આ ત્રીજા ઉદાહરણમાં કહ્યાં તે જ્ઞાનીપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ હૃદયસખા અને પરમાર્થસખા શ્રી સોભાગભાઈની દેહયાત્રાની અંતિમ સમયની ચર્ચા જોઈએ. તેમનો દેહવિલય વૃદ્ધાવસ્થાની પાકટવયે સં. ૧૯૫૩ના જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે થયો હતો. અંતકાળે સર્વ સ્વજનો, કુટુંબીજનો અને સેવાના કાર્ય માટે જ્ઞાની મુમુક્ષુ શ્રી અંબાલાલભાઈ હાજર હતાં.

શ્રી સોભાગભાઈએ શ્રીમદજી ઉપર લખાવેલ ૧૯૫૩ના જેઠ સુદ ૧૪નો રસિક વિગતવાળા પત્રનો થોડો ભાગ જોઈએ.

''આ કાગળ છેલ્લો લખી જણાવું છું. જેઠ સુદ ૯ બુધવારે મૃત્યુ છે એવો આગળ ભાસ થયેલ તે સુદ નોમે તો બન્યું નહીં પણ મનમાં કોઈ રીતે આભાસ ખોટો પડે એવું નહીં છતાં તે તારીખ ગઈ. જેઠ વદ ૯ બુધવારે છે, ઘણું કરી તે તારીખે મૃત્યુ થશે એમ ખાતરી છે. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદ્રષ્ટિ રાખશો અને આ દેહને આત્મા જુદા છે. દેહ જડ છે, આત્મા ચેતન છે, તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજવામાં આવતો નહોતો, પણ દિન આઠથી આપની કૃપાથી અનુભવગોચરથી બેય પ્રગટ જુદા દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ જુદા છે એમ આપની કૃપાદ્રષ્ટિથી સહજ થઈ ગયું છે, તે આપને સહેજ જણાવવા લખ્યું છે.

''ખંભાતથી અંબાલાલભાઈને મોકલવા કૃપા કરશો. પાંચ દિવસનો સમાગમ થાશે.''

તેના ઉત્તરરૂપ શ્રીમદ્જીના વચનો અવલોકિએ...

''બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણુ, સર્વથા જેને વર્તે તે મુક્ત છે. અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે. જેણે ત્રણે કાળને વિશે દેહાદિથી પોતાનો કોઈપણ સંબંધ ન હતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાન રૂપ સત્પુરુષોને નમસ્કાર છે.''

''તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એજ કર્તવ્ય છે.''

હવે શ્રી સોભાગભાઈની સેવામાં હાજર રહેલા શ્રી અંબાલાલભાઈએ શ્રીમદ્જી ઉપર દેહત્યાગ સુધીનું વર્ણન સં. ૧૯૫૩ના જેઠ વદી ૧૧ના પત્રમાં જણાવ્યું છે તે અત્રે ઉતારીએ છીએ.

''હે પ્રભુ! પ્રભુ! બેહદ દિલગીર છું કે પરમ પૂજ્ય, પુજવા યોગ્ય, પરમ સ્તુતિ કરવા યોગ્ય મહાન શ્રી સોભાગભાઈ સાહેબે પરમ સમાધિભાવે, શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક દેહનો ત્યાગ કર્યો છે. એ પવિત્ર પુરુષની દુઃખ વેદવાની સ્થિતિ, આત્માનુભવ અને છેવટ સુધીનો ઉપયોગનો એક જ ક્રમ એ જોઈને મને બહુ જ આનંદ થાય છે. વારંવાર તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે. જેઠ વદી ૧૦ ગુરુવારે સવારના સાત વાગતાની સ્થિતિ મેં નિવેદન કરી છે તે પછી ભાઈ મણિલાલે કહ્યું, 'આપ એકજ સહજાત્મસ્વરૂપ સ્વામી શ્રીના સ્મરણનું લક્ષ રાખજો.' ત્યારે પોતે કહ્યું, 'મને એક જ લક્ષ છે, બીજું લક્ષ નથી. પણ હવે તમે મને કાંઈ કહેશો નહીં. કારણ કે મારે તમે બોલો તેમાં અને મારે તેનો જવાબ આપવામાં લક્ષ આપવું પડે છે, તેથી મને ખેદ રહે

છે.' એવી પોતે વાત કરી જેથી એમની સમીપમાં કંઈ પણ કહેવું બંધ રાખ્યું.

'દસ વાગતા, પોતે છેવટના વખતની અત્યંત પીડા ભોગવવા માંડી તેથી દસ અને અડતાલીસ મિનિટે મારા મનમાં એમ થયું કે વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મોપયોગ ભૂલી ગયા હોય અથવા દુઃખના લક્ષમાં ચડી ગયા હોય તો સ્મરણ આપ્યું હોય તો ઠીક. એમ ધારી ધારસીભાઈની સલાહ લઈ મેં સહજાત્મસ્વરૂપ સ્વામી એવું એક, બે અને ત્રણ વાર નામ દીધું. એટલે પોતે બોલ્યા કે હા, મારું એજ લક્ષ છે. મારે કેટલોક ઉપદેશ કરવાની ઈચ્છા છે, પણ તેવો વખત નથી. હું સમાધિભાવમાં છું, તું સમાધિભાવમાં રહેજે. હવે મને કાંઈ કહીશ નહીં, કારણ કે મને ખેદ રહે છે. એટલા વચનો પોતે બોલ્યા કે તરત સર્વ દુઃખી પરિવારે ત્રિકરણ યોગથી નમસ્કાર કર્યા કે તરત પોતે ડાબું પડખું ફેરવ્યું ને ૧૦ અને ૫૦ મિનિટે પોતે દેહનો ત્યાગ કર્યો.'

"તે વખતે ૧૦ અને ૪૮ મિનિટે પોતે ભાષણ કર્યું તે વખતે ગળફો ખાઈને તૂટક તૂટક શબ્દે, પણ અક્ષર ચોખ્ખો બોલાય, પણ જાણે ઈન્દ્રિયો સાવ મરી ગઈ હોય અને માંહીથી આત્મા જેમ બોલતો હોય તેવી રીતે પરાણે ઉપર કહ્યાં તે વચનો પરમ કૃપાભાવે પોતાના મુખમાંથી બહાર કાઢ્યા એવી અનંત દયા કરી છે."

ચાર દિવસ ઉપર રવિવારના દિવસે ભાઈ ચુનીલાલે પૂછ્યું, "આપે ભવનું કાંઈ નક્કી કર્યું ?" ત્યારે પોતે કહ્યું, "હા, સાહેબજીએ કહ્યું છે કે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા વિના મોક્ષ હોય નહીં. તેથી છેવટને સમયે અત્યારની સ્થિતિ જોતાં અને સાહેબજીની કૃપાથી એક બે મિનિટ જો કેવળજ્ઞાન પ્રાપ્ત થશે તો તો આ જ ભવે મોક્ષ થશે. નહીં તો એક ભવ કરીને તો મોક્ષ જરૂર થશે." ત્યારે મણિલાલે પૂછ્યું, "કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તેની અમને ખબર કેમ પડે ?" ત્યારે પોતે કહ્યું, "એક બે મિનિટ જો બની શકશે તો, હું તે વખતે જે કહેવાનું હશે તે કહીશ." એવી રીતે વાત કરેલી તે આપની સેવામાં નિવેદન કરું છું.

દુઃખની સ્થિતિમાં પોતે વખતે ઉપયોગ ભૂલી જાય એટલા સારુ વખતે વખતે સ્મરણ આપવાનું થતું તો પોતે કહે કે વારેવારે શું કહે છે ? આ જીવને તે બીજું લક્ષ હોય ? એજ મારું લક્ષ છે. વળી મૃત્યુના થોડા વખત પહેલા ગોસાળીઆએ બોલાવ્યા, તો પોતે કહ્યું કે હાલ બધાં છાનામાના બેસી રહો. વખતે પોતે ઉચ્ચાર કરે તો હે નાથ ! હે દયાળુ ! પરમાત્મા ! દેવાધિદેવ ! સહજાત્મસ્વરૂપ સ્વામી! એજ વચનો કહેતાં હતાં અને તેજ વચનો જેમ પૂર્વના વિશેષ અભ્યાસ યુક્ત કરી ચૂક્યા હોય તેવી રીતે સહેજે પણ મુખથી નિકળતાં હતા. પોતે ઉપયોગમાં બરાબર વર્તતા હતા અને વખતે કોઈ બોલાવે તેથી ઉપયોગથી ચુકાવું પડે તેથી તેમના મનમાં ખેદ થતો હશે એમ લાગ્યું હતું, પણ પછી કાંઈપણ દેવાનું બંધ રાખ્યું હતું અને સમાધિભાવથી વહેવા દીધું હતું. કુટુંબાદિના ભક્તિભાવ ઘણા જ સારા હતાં... સૌભાગ્યભાઈના ઉપદેશથી લાગણી હાલ પણ કુટુંબવર્ગમાં વર્ધમાનપણે રહી છે. હે પ્રભુ ! એ પરમ પવિત્ર પૂજ્ય સોભાગભાઈના સમાધિમરણની સ્થિતિ જોઈ હું આનંદ સાથે પરમ હર્ષિત થયો છું. કારણ કે આવું સમાધિમરણ મેં કોઈનું હજી જોયું નથી.

શ્રી અંબાલાલભાઈ ત્યારબાદ પોતાના ગામ ખંભાત ગયા હતા. ત્યાંથી શ્રીમદ્જી ઉપર જેઠ વદી ૧૩ ના પત્ર લખ્યો હતો, તેમાંથી થોડું અવતરણ કરીએ છીએ.

"પૂજ્ય શ્રી સોભાગભાઈ સાહેબના વિદેહ થયા પછી વારંવાર તેમના પવિત્ર ઉત્તમોત્તમ ગુણો મને સ્મૃતિમાં આવવાથી મારું હૃદય ભરાઈ આવ્યું છે. તે પવિત્ર પુરુષની દયા, ક્ષમા, અનુકંપા, દુઃખ વેદવાની સહનતા, અસંગપણું અને આત્માના શુદ્ધ ઉપયોગની તારતમ્યતા એ વારંવાર અને સ્મૃતિમાં આવ્યા કરે છે. તેવા પુરુષના સમાગમમાં આવતાં સામાન્ય મનુષ્યોને પણ પરમાર્થ પ્રાપ્તિ થવાની. સહકુટુંબ વર્ગ મૃત્યુના પ્રસંગે સમીપમાં હતું. પણ સર્વના ચિત્ત પરમ પ્રેમે સોભાગભાઈની ભક્તિમાં હતા. છેવટના વખત સુધી એ પુરુષની સમાધિદશા જોઈ સહર્ષ આનંદ વર્તાતો હતો. કોઈના મનમાં ખેદ કે સ્વાર્થ સંબંધને લીધે મોહાદિ પ્રકારથી રડવું કરવું કાંઈ હતું નહીં."

સૌજન્ય : અમી શ્યામ ગોડા, બેંગ્લોર

પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના પરમ પરમાર્થ સખા શ્રી સોભાગભાઈના દેહવિલયના દિન અને સમય તથા અંતિમ સમયની તેમની ભાવદશાનું જાણપણું તેમના નિર્મળ જ્ઞાનદર્પણમાં અગાઉથી જ પ્રતિબિંબત થઈ ચુક્યું હતું.

સાયલા ગામે શ્રી સૌભાગ્યભાઈનો દેહ છૂટ્યો ત્યારે શ્રીમદ્‌ની સ્થિતિ મુંબઈ ક્ષેત્રે હતી. દેહ છૂટવાના દિવસે સવારના અગિયાર વાગે શ્રીમદ્ ટાઢા પાણીથી નાહ્યા હતા. દરરોજ ગરમ પાણીથી નહાતા. બે કલાક પછી મૃત્યુના સમાચાર આપતો તાર મળ્યો હતો, જેના ઉત્તરરૂપે જેઠ વદ ૧૨ના અમૃતપત્ર લખ્યો તેનો થોડો ભાગ આ પ્રમાણે હતો. ''આર્યશ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દસને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દ્રષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.''

''જીવને દેહનો સંબંધ એજ રીતે છે, તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતા જીવ ખેદ પામ્યા કરે છે અને તેમાં દ્રઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે. જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એજ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતા મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે. એમાં સંશય નથી. આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.''

''સંસારનું સ્વરૂપ જેણે સ્પષ્ટ જાણ્યું છે તેને સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તો પણ એમ જણાય છે કે સત્પુરુષના સમાગમની પ્રાપ્તિથી કંઈપણ હર્ષ અને તેમના વિયોગથી કંઈપણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને થવા યોગ્ય છે.'' ક્રમશઃ ◆

**ૐ શાંતિ શાંતિ શાંતિઃ**

---

**નોંધ :** પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

# ઉત્સાહી


છોડી - પ્રમાદ આત્મ લક્ષે મન ઉમંગધારી; (૨)
નીંદ્રા તજી ભવભવની, લે જાગૃતિ અવધારી. (૨)
મુમુક્ષુ થા, મુમુક્ષુ થા, મુમુક્ષુ થા ઉત્સાહી...

કરી આત્મહિત, લઈ પ્રતિત તૂં કર્મબંધ ટાળી, (૨)
ના થા નિરાશ સંગમાં છે સદ્‌ગુરૂ ઉપકારી. (૨)
મુમુક્ષુ થા, મુમુક્ષુ થા, મુમુક્ષુ થા ઉત્સાહી...

પુરુષાર્થથી પરમાર્થ સાધી, થા તૂં મુક્તિ ગામી, (૨)
લઈ પ્રેમાચાર્યજીની આજ્ઞા પ્રેમથી સ્વીકારી. (૨)
મુમુક્ષુ થા, મુમુક્ષુ થા, મુમુક્ષુ થા ઉત્સાહી...

**ભુપેન્દ્ર સોમપુરા**
**પ્રેરણા - (પરમ પૂજ્ય પપ્પાજી)**

# What is ગુણસ્થાનક




## Names of ગુણસ્થાનક

૧. મિથ્યાદ્રષ્ટિ
**૨. સાસ્વાદન ગુણસ્થાનક**
૩. મિશ્ર ગુણસ્થાનક
૪. અવિરતિ સમ્યક્દ્રષ્ટિ
૫. દેશવિરતિ સમ્યક્દ્રષ્ટિ
૬. પ્રમત્ત ગુણસ્થાનક
૭. અપ્રમત્ત ગુણસ્થાનક
૮. અપૂર્વકરણ ગુણસ્થાનક
૯. અનિવૃત્તિકરણ ગુણસ્થાનક
૧૦. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક
**૧૧. ઉપશાન્તમોહ ગુણસ્થાનક**
૧૨. ક્ષીણમોહ ગુણસ્થાનક
૧૩. સયોગી કેવલી ગુણસ્થાનક
૧૪. અયોગી કેવલી ગુણસ્થાનક

સૌજન્ય : નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

# Definitions of ગુણસ્થાનક

## ૧. મિથ્યાદ્રષ્ટિ

- જીવ અનાદિકાળથી અધોગતિમાં પડેલો છે. જ્યાં જીવનો જરા પણ વિકાસ નથી.
- મિથ્યાદ્રષ્ટિ એટલે અંધકારમય જીવન, વસ્તુના યથાર્થ જ્ઞાનનો અભાવ.
- આ ગુણસ્થાનકમાં રહેલો જીવ અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ સમજે છે.
- આવું વિપરીત જ્ઞાન એ આ સ્થાનમાં રહેલા જીવનાં લક્ષણો છે.

Check for your self do you stand here?

## ૨. સાસાદન / સાસ્વાદન ગુણસ્થાનક

- જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી મોહનીય કર્મની ગ્રંથિના જોરે પ્રમાદવશ પાછો વળે છે, ત્યારે આ અવસ્થાને સ્પર્શે છે.
- અગાઉ આત્માનુભૂતિનો સ્વાદ ચાખ્યો છે તેથી તેને સાસ્વાદન ગુણસ્થાનક કહે છે.

May be we have come back to this stage many a times.

## ૩. મિશ્ર ગુણસ્થાનક

- આ સ્થાનકમાં રહેલા જીવની સ્થિતિ વિચિત્ર હોય છે,
- Because સત્ય પદાર્થ અને અસત્ય પદાર્થ બન્નેમાં તેનો સમાન ભાવ હોય છે.
- સત્ય તરફ તેને ન તો રૂચિ હોય છે અને ન અસત્ય તરફ અરૂચિ હોય છે.
- તે પોતાના હિતાહિતનો દ્રઢ નિર્ણય કરી શકતો નથી.

At times do we live in this confused stage?

## ૪. અવિરતિ સમ્યક્દ્રષ્ટિ

- અ - નહિ,
- વિરતિ– વ્રત - ત્યાગ - નિયમ,
- વ્રતરહિત સમકિતની અવસ્થા.
- વિરતિનો સ્વીકાર કર્યા પહેલા, જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તે આ ગુણસ્થાનકમાં ગણાય છે.
- આ જીવો ને સમકિતી, સમ્યક્દ્રષ્ટિ કહેવાય છે.

Do we stand here? If yes, અહોભાગ્ય, If no set a target to reach here as soon as possible

## ૫. દેશવિરતિ સમ્યક્દ્રષ્ટિ

- ગૃહસ્થ ધર્મના વ્રતો, તેનો સ્વીકાર અને શુદ્ધ રીતે પાલન કરનાર જીવ દેશવિરતિ સમ્યક્દ્રષ્ટિ ગણાય છે, પણ તે સમ્યક્ત્વપૂર્વક હોય તો.

## ૬. પ્રમત્ત ગુણસ્થાનક

- આ ગુણસ્થાનક સાધુને હોય છે,
- જેઓએ પાંચ મહાવ્રત સ્વીકાર કરેલા હોવા છતાં, પ્રમાદથી સર્વથા મુક્ત નથી હોતા,
- સર્વસંગ પરિત્યાગી સાધુતા અહીંથી શરૂ થાય છે.

આપણે ક્યારે સર્વસંગ પરિત્યાગ કરશું ?

## ૭. અપ્રમત્ત ગુણસ્થાનક

- પ્રમાદમાંથી અપ્રમાદ અવસ્થામાં પાંચ મહાવ્રતધારી સાધુ જેટલો સમય આવી જાય, તે સમય માટે તે અપ્રમત્ત ગુણસ્થાનક વાળા કહેવાય.

# પૂજ્યશ્રી એ આપ્યું સમકિતનું સરનામું

■ **અંજલી દોશી**, મુંબઇ

નગરીની શોભા દરવાજાથી છે, મુખની શોભા આંખથી છે, તેમ જીવની શોભા સમ્યકત્વથી છે. દુનિયામાં દરેક પદાર્થ તેના કંઈને કંઈ વિશિષ્ટ ગુણોથી ઓળખાય છે અથવા તો પ્રસંશા પામે છે. તેમ સમ્યકત્વ પામેલો જીવ પોતે તો શાંતિમય હોય જ છે, પણ અન્યને પણ શાંતિ પહોંચાડે છે.

ભયંકર ગરમી પછી પહેલો વરસાદ જીવને આનંદથી તરબતર કરી દે છે. તેમ મોહરૂપી ઉકળાટ પછી દ્વંદ્વો અને વિકલ્પોના ધમધમાટ પછી ગુરુકૃપાથી સમ્યકત્વ ઉત્પન્ન થતાં જીવ શાંતરસની ધારામાં ભીંજાવા લાગે છે.

આવા સમ્યકત્વનું સરનામું આપણને પૂજ્યશ્રીએ પર્યુષણમાં આપી દીધું છે. આત્મપ્રાપ્તિના લગભગ રહસ્યો ખોલી દીધા છે. તેમાં સમ્યકદર્શનની પધરામણી કરવી એ આપણા પુરુષાર્થ પર નિર્ભર છે.

રાજાને રહેવા મહેલ જોઈએ, શેઠને રહેવા હવેલી જોઈએ, ગરીબને ઝુપડું જોઈએ. સૌને પોતાના સ્ટેટસ પ્રમાણેના રહેઠાણ જોઈએ છે. પણ આ તો સમ્યગ્દર્શનને રહેવાનું સ્થાન છે, જે નાનીસુની વાત નથી. ચક્રવર્તી છ ખંડ જીતી જ્યારે પોતાના રાજ્યમાં પાછા ફરે છે ત્યારે નગરની શોભા, નગરજનોના આનંદ અનરો હોય છે. જ્યારે આ તો સમ્યક્દર્શન છે. જેણે ષડ્રિપુ જીત્યા છે એટલે ક્રોધ, માન, માયા, લોભ, મદ અને ઈર્ષ્યા જેવા મહાન દુશ્મનોને મહાત કર્યા છે, જીવના પરિભ્રમણને જીત્યું છે. શાસ્ત્રની ભાષામાં કહીએ તો ચાર અનંતાનુંબંધી કષાયો અને ત્રણ પ્રકૃતિને જીતી છે. એવા સમ્યક્દર્શનને રહેવાનું સ્થાનક તો કેવું ભવ્યાતિભવ્ય હશે, સ્વયંપ્રકાશથી ઝળહળતું હશે.

જેમ પી.એમ. કોઈ શહેરમાં આવવાના હોય તે રસ્તાઓ ક્લીન થઈ જાય, સિક્યુરીટી ટાઈટ થઈ જાય તેમ સમ્યક્દર્શન રાજા જે ઘરમાં પધારવાના હોય તે નિજઘરની શુદ્ધતાની તો શી વાત કરવી?

આ સમ્યક્દર્શનના આવાસનું આંગણું સૌથી પહેલાં ચોખ્ખું કરવું પડશે. એટલે કે આપણો બાહ્ય વ્યવહાર શુદ્ધ કરવો પડશે. મૈત્રી, પ્રમોદ, કરૂણા ભાવથી આ હૃદયને ભીંજવવું પડશે. તો જ સમ્યકદર્શન તેમાં રહી શકશે.

આવા સમકિતના સરનામાને શોધી આપનાર સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

પ્રભુજી તેમના વખતના મુમુક્ષુઓને આ પત્ર (પત્રાંક ૪૯૩) મુખપાઠ કરવાનું કહેતાં. ચિંતન, મનન તો થવું જોઈએ પણ નિત્યક્રમની આજ્ઞામાં આ પત્ર ગોખાઈ જવો જોઈએ.

પ્રથમ ફકરામાં ત્રણ શબ્દો જ બહુ ઔચિત્યપૂર્ણ છે અને એકબીજાથી કનેક્ટેડ છે.

૧. અનન્ય શરણના આપનાર

૨. સમ્યકદર્શનનો નિવાસ

૩. સર્વોત્કૃષ્ટ સ્થાનક

અનન્ય શરણ શબ્દ જ બતાવે છે કે આપણે નિરાધાર છીએ, અશરણ છીએ.

અનન્ય - અન્ + અન્ય એટલે બીજે કશે નથી એવું યુનીક; અનન્ય એટલે જે સ્વયં પરિવર્તિત ના થતું હોય. કારણ કે જે પોતે પરિવર્તન પામે તે બીજાને કંઈ રીતે શરણ આપી શકે ?

**સૌજન્ય : ચંદનબેન ચંદ્રકાંત ખીમાણી, બેંગ્લોર**

જન્મથી લઈને મૃત્યુ સુધીના વેગીલા પ્રવાહમાં બધા જ વહી રહ્યા છે. ધન, પદ, પ્રતિષ્ઠા, પતિ, પુત્ર, સંતોનો સંબંધો વગેરે. આ સઘળુ અસ્થિર છે. એક એક વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિનું વિશ્લેષણ કરીશું તો સમજી શકીશું કે બધુ ચલિત છે. આવા ચલાયમાન પદાર્થોમાં આપણે શરણું શોધીએ છીએ. જે પોતે અશરણ હોય તે આપણને શરણું કેવી રીતે આપે ? આવું અનન્ય શરણ તે જ આપી શકે કે જે પોતે સ્થિર છે, અચલ છે, જેણે તે શરણું પોતામાં જ મેળવ્યું છે. આપણી જેમ જ ભટકતા હતા પણ અંતરખોજથી શરણું મેળવી અને હવે આપણને તે તરફ દોરી રહ્યાં છે. આવું અનન્ય શરણ તેમના ચરણની શ્રદ્ધા કરવાથી મળે છે, તે પગદંડી સમાન છે અને આ શ્રદ્ધા કઈ થોડા સમયની વાત નથી, મરણ સુધીની શ્રદ્ધાની વાત છે અને શરણ તો નિર્વાણ ન થાય ત્યાંસુધીનું છે.

બીજો શબ્દ છે નિવાસ.

નિવાસ - નિજમાં વાસ

નિવાસ એટલે નિત્ય આવાસ.

આ આવાસ ટેમ્પરરી નથી, શાશ્વત છે, પરમનન્ટ છે. નિ એટલે નિત્ય. આત્મા નિત્ય રહેવાનો છે. આ ભવ્ય ઘર શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષ બતાવે છે.

ત્રીજો શબ્દ છે સ્થાનક

સર્વોત્કૃષ્ટ એટલે સર્વ સ્થાનકોમાં ઉત્કૃષ્ટ. સ્થાનક એટલે સ્થિર રહેવાવાળુ રહેઠાણ, જે ચલિત ન થાય; જ્યાં આવાગમનને સ્થાન નથી. જગતની કોઈ સ્થાનકની ઉપમાં આ સ્થાનકને ન આપી શકાય એવું અજોડ છે.

આ સ્થાનક ઉત્કૃષ્ટ શા માટે? તેની કંઈક તો વિશેષતા હશે ને ? તે હવે છ પદમાં પ્રભુ બતાવે છે.

આ સ્થાનક અદ્રશ્ય છે છતાં જગતને દ્રશ્ય કરાવે છે. આ સ્થાનક બહાર શોધવાથી નહીં મળે કે પોતાની મેળે નહીં મળે. કોઈ ભોમિયો જોઈશે.

આ ભોમિયો એટલે જ્ઞાનીપુરુષ

જ્ઞાનીપુરુષ પુરુષાર્થ કરી નિજઘરમાં સ્થિર થયા છે. માટે આપણા જેવા રખડતાં જીવો માટે તેમને અત્યંત કરૂણા આવે છે. ૯૦ વર્ષે પણ એ આપણા માટે અવિરત પુરુષાર્થ કરે છે. આપણી સુષુપ્ત શક્તિઓને જગાડે છે. આપણને કહે છે કે, તારા પોતામાં જ તારું ઘર લેવાની શક્તિ છે. તું ઘર લઈ શકે છે, તેમાં રહી શકે છે જે તારું પોતાનું જ થશે અને કાયમી થશે. જ્ઞાનીપુરુષ આ નિવાસ માટે છ પદ રૂપી રસ્તો આપણને બતાવે છે. એમાંથી આપણે આત્માનું અસ્તિત્વ અને આત્માનું નિત્યત્વ પર વિચાર કરીએ.

પ્રથમ પદ આત્મા છે.

જ્યારે આપણે કોઈ નવા ઘરમાં રહેવા જવું હોય ત્યારે તે ઘર કેવું છે ? એરિયા કેવો છે, પડોશી કેવા છે ? કંન્સટ્રક્શન કેવું છે વગેરે અનેક જાતની તપાસ કરીએ છીએ. તેમ જ્ઞાની નિજ ઘરનું વર્ણન કરતાં કહે છે કે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચૈતન્ય ગુણથી ભરેલો આત્મા છે. આ ઘરને જોવા કોઈ બાહ્ય પ્રકાશની જરૂર નથી. તે સ્વયંપ્રકાશક છે. તે પોતાને પ્રકાશે છે. પરપદાર્થને પ્રકાશે છે, સમગ્ર બ્રહ્માંડને પણ પ્રકાશે છે. ત્રણે લોકનું જ્ઞાન કરી શકે છે.

નિદ્રાઅવસ્થામાં ઈન્દ્રિય નિષ્ક્રિય હોવા છતાં જે કલરફુલ સ્વપ્ન જુએ છે અને તેનું વર્ણન પણ કરી શકે તે આત્મા છે. ગમે તેટલી ઘોર નિદ્રામાંથી ઉઠીએ તો અંદાજ લગાવી શકીએ છીએ કે મારી ઉંઘ ૩ કલાકની થઈ કે ૨ કલાકની. રાત્રે કેટલા વાગ્યા હશે તે પણ કહી શકીએ છીએ તે આત્મા છે. સુખ દુઃખનું સંવેદન કરવું, હસવું, રડવું, ક્રોધી થવું, શાંત થવું હું જાણી શકું છું. કારણ કે હું આત્મા છું.

જિજ્ઞાસા, સંશય જેને થાય છે તે આત્મા છે.

અમુક ગુણ હોવાને લીધે ઘટપટને માનીએ છીએ, ઈન્દ્રિયગમ્ય હોવાથી તેનું અસ્તિત્વ સ્વીકારીએ છીએ. પણ આત્મા ઈન્દ્રિયગમ્ય ન હોવાથી માનતા નથી. હવા દેખાતી નથી, પણ વૃક્ષના હલવાથી હવા છે તેમ જણાય છે. મોબાઈલમાં વાત કરીએ છીએ, ટી.વી. જોઈએ છીએ તે બધા પાછળ જે ટેકનીક કામ કરે છે તે દેખાતી નથી પણ સેલના અવાજ, ટીવીના દ્રશ્યથી તેને માનીએ છીએ. તેમ આત્મા દેખાતો ન હોવા છતાં મુખ પરના હાવભાવ વર્તુણૂક પરથી જાણી શકાય છે કે તે સુખી છે, શાંત છે વગેરે. મૃત શરીરમાં કોઈ ભાવ દેખાતો નથી. આ ચૈતન્યસતાનો પ્રત્યક્ષ ગુણ છે.

પરમ કૃપાળુ દેવ આત્મસિદ્ધિમાં લખે છે કે આટલું બધુ જાણતો હોવાં છતાં પોતાને જાણતો નથી એ કેવું !

જાણનાર તે માન નહીં કહીએ કેવુંજ્ઞાન ?

બીજુ પદ આત્મા નિત્ય છે.

કૃપાળુ પ્રભુ કહે છે કે હે જીવ ! અત્યાર સુધી તે કેટલા બધા શરીરરૂપી, ગતિરૂપી ઘરો બદલ્યા. ક્યાંય સ્થિર ન થઈ શક્યો, સુખી ન થઈ શક્યો. હવે તને એવું ઘર બતાવું છું કે જે શાશ્વત છે, નિત્ય છે જેને રીનોવેશન, ડીમોલીશન કે રીડેવલોપમેન્ટ જરૂર નથી પડતી. જે નિત્ય નવીન છે, ત્રણે કાળ રહેવાનું છે, કારણ તેને બનાવવા કોઈ સંયોગોની જરૂર નથી. જે સહજ છે, અવિનાશી છે. બનાવવું નથી પડતું પણ શોધવું જરૂર પડે છે એટલે જ પરમ પૂજ્ય પપ્પાજી આપણને એનું સરનામું આપી રહ્યાં છે.

સિદ્ધાલય સિવાય આત્મા ક્યારેય દેહ વગર રહ્યો નથી તેથી તેને જોઈ શક્યા નથી. આત્મા ક્યાંય બનતો હોય તેવું સાંભળ્યું નથી. યાંત્રિક માનવ બની શકે છે. મજાની વાત તો એ છે કે આત્મા બનવાની વાત તો જવા દઈએ પણ આત્માની વિદ્યમાનતા વગર સંયોગી દેહ પણ બની શકતો નથી. સ્ત્રીના શરીરમાં રજ-શુક્રના સંયોગથી શરીર બનવાનું ત્યારે જ શક્ય બને છે જ્યારે આત્માની વિદ્યમાનતા હોય.

ક્યારેય લેબોરેટરીમાં લોહી, માંસ, હાડકાં બનતાં હોય તેવું સાંભળ્યું નથી. એટલા માટે જ તો આટલી બધી બ્લડ બેન્ક, આય બેન્ક, કીડની ડોનેશન, સ્કીન ડોનેશનની અપીલ કરવી પડે છે, અન્ય કુદરતી અંગો પર આધાર રાખવો પડે છે. તો આ ચૈતન્યસતાનો પ્રભાવ કેવો પ્રભાવક છે. સાયન્સ કેટલું પણ આગળ વધે પણ દેહ કે અંગો બનાવી શકતું નથી.

ગુણ અને ગુણી અભિન્ન છે. ગુણ ગુણી વગર રહી શકતો નથી. અવસ્થા બદલાવા છતાં ગુણ અકબંધ રહે છે. જો ગુણ શરીરનો હોય તો વધ, ઘટ કે નાશ થવા સંભવ છે. પણ તે ગુણ ધારણ કરાવાવાળો ધ્રુવતત્વ આત્મા છે માટે આત્મા નિત્ય છે. બચપણથી વૃદ્ધ થાય તો પણ આનંદનો ગુણ એવો ને એવો જ છે. બીજું કહ્યું કે માંદગીના બિછાને જીવ વિચારે કે હું ક્યાં જઈશ ? તે જ નિત્યતા બતાવે છે. ખતમ થઈ જઈશ તેનો ભય નથી પણ હવે મારું શું થશે ? તે જ નિત્યતા બતાવે છે.

જગતમાં જે વિભિન્ન તથા જુદા જુદા સ્વભાવવાળા જીવ, જુદી જુદી પ્રકૃતિવાળા જીવ જોવા મળે છે તેનું કારણ છે પૂર્વજન્મ. કોઈ રાજા, કોઈ રંક, કોઈ ક્રોધી, કોઈ ભયભીત વગેરે અનેક સ્વભાવવાળા.

પૂર્વજન્મમાં સેવેલો અભ્યાસ, જીવ બીજા જન્મમાં સંસ્કારરૂપે લઈ જાય છે, જે બતાવે છે કે જીવના શરીર બદલાતા જાય છે પણ પોતાનો નાશ થતો નથી માટે આત્મા નિત્ય છે. આમ જે વસ્તુ કોઈ સંયોગોથી બનતી નથી તો તેનો નાશ પણ કેવી રીતે સંભવે માટે આત્મા નિત્ય છે. ◆

**સૌજન્ય : એક મુમુક્ષુ, બેંગ્લોર**

# સંબંધ પતિ પત્નીનો

■ **રેશ્મા ધામી**, બેંગલોર

આ વખતનો સંબંધ છે, આપણા ૮૦% જી! આ વખતે આપણી ચર્ચાનો વિષય છે પતિ-પત્નીનો સંબંધ.

માતા-પિતા, ભાઈ-બહેન, બાળકો પસંદ કરવામાં નથી આવતા. તેઓ આપણને મળે છે. આપણે માત્ર મિત્રો અને જીવનસાથી પસંદ કરીએ છીએ.

પસંદ કરવાનો અર્થ છે કે જોઈ, જાણી, વિચારી અને તેઓને આપણા જીવનમાં પ્રવેશ કરવા અનુમતી આપીએ છીએ. જો પ્રેમ લગ્ન હોય તો પણ વિચારો તો ખુબ થાય જ છે.

આખા જીવનની ડોર કોઈને આપી દેવી કે કોઈના જીવનની ડોર હાથમાં લેવી તે કઈ રમત વાત નથી. પણ આ નિર્ણય ત્યારે લેવાય છે જ્યારે સમજ અને અણસમજ આપણી સાથે રમત કરતાં હોય છે. ન તે ઉંમરે આપણે એકદમ પરિપક્વ હોઈએ છીએ કે ન અપરિપક્વ.

યોવનની ઉન્મતતા, જુવાનીનું જોશ અને દુનિયા જીતી લેવાની ખુમારી દરેક છોકરા છોકરીમાં આ ઉંમરે હોય છે.

અને એ સમયે આપણી સામે આવે છે આપણા ૮૦% કર્મનો ભાર લઈને ફરનાર વ્યક્તિ. તેના પ્રત્યે સ્વાભાવિક એટ્રેક્શન થાય છે, તેઓની દરેક વાત માન્ય થાય છે. તેઓની સાથે જ રહેવાનું મન થાય છે.

આ સમયે માત્ર શુભનો જ ઉદય હોય છે. જ્યારે આને ૮૦% કર્મ કહીએ છીએ ત્યાં શુભ અને અશુભના કોમ્બીનેશન હોય જ.

આવો કોમ્બીનેશન વાળો ઉદય લગ્ન થયા બાદ જ આવે છે. આ જ એક સંબંધ છે, જેમાં મેન્ટલી, ઈમોશનલી, ફીઝીકલી અને ફાઈનાન્સીયલી ઈન્વોલ્વમેન્ટ હોય છે. તન, મન, ધન બધા સાથે ઈન્વોલ્વ થવાય છે.

હવે આટલી બધી લેતી-દેતી થતી હોય તો સ્વાભાવિક છે કે શુભ-અશુભ બન્ને થવાના જ ને. આપણે શું કરવું ? આ શુભ અને અશુભ બન્નેથી દૂર થઈ શુદ્ધ તરફ જવું... how ?

ધ્યાનમાં રાખવા જેવું છે. ધારો કે બન્ને પક્ષ ખૂબ intelligent, strong, self dependent છે. કોઈ નાનું કે કોઈ મોટું નથી.

અને બન્ને પક્ષ જોરદાર હોય તો અશુભના ઉદય વધારે આવે તેવા ચાન્સ છે ને ?

કારણ કે આ ઋણ આપણા કર્મના ખાતામાં બહુ જ મોટો ફાળો ધરાવે છે. માટે બન્ને પક્ષ તરફથી વાત કરવા ઈચ્છુ છું.

આજે એક સ્ત્રીના મનની વાત કરીએ. અને બીજી વખત પુરુષ પક્ષ તરફની વાત કરશું. કારણ રોજીંદા જીવનમાં જે થાય છે, તે વિશે ચર્ચા કરવી છે અને પતિ-પત્નીના સંબંધમાં રોજ કંઈક થતું હોય છે.

કોઈપણ યુગની સ્ત્રી હોય, સ્વભાવે કોમળ, માયાળુ અને થોડુ કપટ કરે જ. આ સામાન્ય સ્ત્રીનો સ્વભાવ છે. (જરૂરી નથી કે બધી સ્ત્રીઓ આવી હોય)

જ્યારે તમારી પત્ની, પોતાના પિતાની લાડકી, બધુ છોડી અને તમારી સાથે ચાલી નીકળે છે, તેનો અર્થ છે તેને તમારા માટે બધુ જતું કરતાં પણ આવડે છે અને એટલી સ્ટ્રોંગ હેડેડ છે કે બધું છોડી પણ શકે છે. કોમળ પણ અને કઠણ પણ આ બધું તે તમારા પ્રેમ ખાતર કરે છે.

એક સ્ત્રી આખી જિંદગી પોતાની લાજ બચાવી રાખે છે. કોઈ બીજા પુરુષને સ્પર્શ માત્ર કરવા નથી દેતી. તે તમને પોતાની લાજ વિના સંકોચ સોંપે છે. તે તેની શ્રદ્ધાના કારણે કરેલી અર્પણતા છે.

તમારા ઘરને, ઘરવાળાઓને પોતાના કરીને રહે છે. તમારા ઘરની રહેવા, ખાવા, પિવાની રીતોને અપનાવે છે. તે એનો સમાઈ જવાનો, સ્વીકારનો ગુણ છે. તે બધુ જ સ્વીકાર કરે છે, મેનેજ કરે છે, માત્ર અને માત્ર તમારા માટે.

સાસરામાં, નવી જગ્યા, ક્યારેક બીજું શહેર, નવી વ્યક્તિઓ વચ્ચે રહેવું કંઈ સહેલું હશે ? પણ તે સરળતાથી બધું કરે છે.

આ બધું કરવામાં જો એ તમારી પાસે કંઈક અપેક્ષા કરે છે તો શું ખોટું છે ? પોતાનું જીવન તમને સોંપવા બદલ જો એ તમારી પાસે પ્રેમની અપેક્ષા કરે તો શું ખોટું છે ? જો તમારી પાસે સમજણની અપેક્ષા રાખે તો શું ખોટું છે ?

એક વાઈફની હસબન્ડ પાસેથી બેઝીક expectation.

- તેના પર ધ્યાન આપે.

- ઓફિસથી આવ્યા બાદ ટીવી કે મોબાઈલને નહીં, પણ તેને જુએ.

- તૈયાર થાય ત્યારે તેને કોમ્પ્લીમેન્ટ કરે. કોઈ વાત ન ગમી હોય તો પ્રેમથી સમજાવે.

- કંઈક ગમી ગયુ હોય તો એપ્રીસીએટ કરે.

- જેટલું એ તમારા માતા-પિતાને માન આપે છે, એટલું તમે પણ તેના માતા-પિતાને માન આપો.

- ખરાબ વખતે તેને પડખે ઊભા રહો.

- તમારી એક પ્રેમની નજર માટે તે ઝંખે છે.

હું માનું છું કે વાચનાર દરેક ઋણાનુંબધને શુભ અથવા શુદ્ધ કરવા ઈચ્છે છે. તો જો તમારી પત્નીથી કોઈ ભુલ થઈ પણ જાય તો શું ? પ્રેમ તે દરેક પ્રોબ્લેમનું સોલ્યુશન છે.

હા પ્રેમ, રાગ નહીં. આપણે એ ભુલ તો ખૂબ સહેલાઈથી કરીએ છીએ. સ્ત્રીના રાગમાં નથી પડવાનું, તેને એટલે કે તેમના આત્માને નિસ્વાર્થ પ્રેમ કરવાનો છે.

આપણે આત્મા શબ્દ ઘણીવાર બોલીએ છીએ, પણ શું ખરેખર તમારી પત્ની એક આત્મા છે અને એક દિવસ તે સિદ્ધ થશે એવો વિચાર આવે છે ?

જો એ વિચાર આવશે તો જ તેના દેહ પરથી દ્રષ્ટી હટી અને આત્મા પર જશે. પરમ કૃપાળુ દેવે ખૂબ સરસ રીતે કહ્યું છે ''જ્ઞાની પુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાની પુરુષને જોયા નથી, એમ તમે જાણજો''. (પત્રાંક ૪૫૪)

તમારે નિર્ણય કરવો રહે કે જ્ઞાની પુરુષને જોયા, જાણ્યા છે કે નહીં.

તમારી પત્ની તમારી સામે ૮૦% કર્મનો ભાર લઈને આવ્યા છે તે ભારમાં વધારો કરવો કે ઘટાડો તે માત્ર તમારા હાથમાં છે.

પ્રેમ-નિસ્વાર્થ પ્રેમે માત્ર આપવાની વૃત્તી હશે તો છૂટશો અને રાગે કરી લઈ લેવા ઈછાશ તો બંધાશો. નિર્ણય તમારે કરવો રહે છે. વાચક સમજુ છે અને છૂટવા જ પ્રયત્ન કરશે એ વિચારી કલમને વિરમું છું.

(આવતા અંકમાં પતિ પક્ષે વાત થશે.) ◆

---

**સૌજન્ય : પ્રેમચંદ લાખા શાહ, મુંબઈ**

# Monday Motivation

ESSENCE OF LIFE
Discover it within

## Sky is not the limit, it is the beginning!!!

A King had received a gift of two magnificent young eagles from Arabia. They were the most beautiful birds which the King had ever seen. He gave these precious birds to his Head Trainer to prepare them for flying.

Months passed and one day the Head Trainer informed the King that though one of the eagles was flying majestically, the other bird keeps on sitting on the branch of tree and has not moved at all.

The King summoned a doctor, who specialized in curing birds, to attend to the eagle whether it is sick. The Doctor informed the King, the bird is quite healthy but somehow it is not flying.

The King then thought to himself, "Maybe, I need someone more familiar with birds in the villages who understand the nature of this problem." So he ordered his Minister, "Go and bring one old farmer from a village."

The next morning, the King was thrilled to see the eagle flying high above the plaace gardens. The King had pleasant surprise and inquired from the farmer, "How did you make the eagle fly?"

The farmer said, "It was very easy, Your Highness. I simply cut the branch of the tree on which the bird was sitting and it has no option but to fly.

Whenever life throw us a challenge, our reserve energy comes to our rescue. Most of the time we do not try and use our innate potential and talent. But instead of doing that, we keep on blaming out luck. The seed of a large Banyan tree is very tiny like a mustard seed. The seed in unaware of its hidden potential. When sown. It becomes a huge banyan tree.

We are all made to fly. Earlier, the psychologists and motivators used to tell young people that sky should be the limit to their ambitions, but now (in the spece-travel-age) they tell that sky is not the limit, it is the beginning. ◆

**To receive Monday Motivation every week visit : www.essenceoflife.com and register for newsletter.**

## PERSONAL HYGIENE

### DO'S




- Wash hands
  - Before & after meals
  - After using a toilet
  - After coughing, sneezing , blowing a running nose
  - After playing with your pet
  - After playing outside
- Brush teeth at least twice daily
- Take shower at least once a day
- Clean under arms & pubic area regularly
- Comb hair
- Change undergarments everyday
- Cut nails regularly
- Cover face while sneezing & coughing
- Always use clean tissue
- Put used tissues in dustbin.




**Insufficient personal hygiene may lead to :**

- Bad body odor
- Bad breath
- Dental diseases
- Air borne infection
- Food borne diseases
- Water borne diseases
- Skin & hair diseases
- Urogenital tract disease
- Eue & ear disease
- Social rejection
- Depression

## MENSTRUAL HYGIENE

- Keep the area between your legs dry.
- Use completely dried undergarments.
- Use good quality napkin and change it regularly.

### DO'S



- Remember to take change napkin whenever going out.
- Wash the genital area after each use of toilet, also after urination.
- Take bath every day during menstrual periods.
- Do not wash insides of vagina with soap or any other product.

**Insufficient menstrual hygiene may lead to :**

- Increased risk of urogenital infections
- Bad body odor
- Risk of Hepatitis B, HIV/AIDS
- Sense of social rejection

Best Wishes : Khushbu Shalin Shah, Mumbai

# RECENT NEWS

## NATIONAL

- Diu becomes first Union Territory to run 100% on solar power
- India's first Helicopter shuttle service (Heli Taxi) service launched in Bengaluru



- Indian Railways inducts first digitally enabled High Horse Power Locomotives
- Avani Chaturvedi becomes the First woman fighter pilot to fly fighter jet
- Jaipur's Gandhinagar railway station becomes 1st fully women operated non-suburban station



- Light transport aircraft SARAS successfully completes second test flight
- Maharashtra inks deal with Virgin Group for World's First Hyperloop between Mumbai and Pune
- PM Narendra Modi inaugurates Fourth Container Terminal of JNPT in Mumbai
- SC orders Karnataka to release Cauvery water to Tamil Nadu
- Anandiben Patel appointed as Governor Madhya Pradesh
- Indu Malhotra: First woman lawyer to be directly promoted as a Supreme Court Judge
- Government appoints Vijay Gokhale as new Foreign Secretary

## INTERNATIONAL

- India 12th largest overseas holder of US securities in 2017
- Petro: Venezuela becomes first country to launch virtual currency
- KP Sharma Oli sworn in as Nepal's Prime Minister



- Jacob Zuma resigns as South Africa's President
- India gets access to strategic Duqm port in Oman for military use
- PM Narendra Modi lays foundation stone of first Hindu temple in Abu Dhabi



- India 6th wealthiest country: New World Wealth Report
- India becomes third largest producer of crude steel
- India-Japan Smart Grid Pilot Project inaugurated in Panipat

## SCIENCE & TECHNOLOGY

- Silver Copper Telluride (AgCuTe): Researchers develop thermoelectric compound
- Airtel, Huawei successfully conduct India's first 5G network trial
- Dhanush missile successfully test fired



- ONGC to introduce Asia's first large scale $CO_2$ injection technique at Gandhar field
- Scientists for first time grow human eggs to full maturity in laboratory
- Scientist S. Somanath takes charge as Director of Vikram Sarabhai Space Centre

## BUSINESS

- India, Russia, Bangladesh sign pact for Rooppur atomic plant
- Shakti Sthala: World's largest solar park launched in Karnataka
- BHEL bags order from NTPC for flue gas desulphurisation system
- Yes Bank lists $600 million MTN bond on India INX
- ONGC acquires 10 per cent stake in UAE's Zakum oilfield
- CCI fines Google Rs.136 crore for search bias
- Schemes announced in Union Budget 2018-19:
- National Health Protection Scheme: will cover 10 crore poor families providing Rs. 5 lakh insurance cover
- Operation Green: Allocation of Rs. 500 crore to aid farmers
- Eklavya School: for Scheduled castes and tribes
- Revitalising Infrastructure and Systems in Education (RISE) Scheme: Allocation of Rs. 1 lakh crore in the next four years for higher education
- Prime Minister Fellowship Scheme: To provide fellowship amounts to 1000 B.Tech students to pursue PhD in IITs and IISc.
- Kisan Credit Card to Fishermen and Cattle owners: to enable easier loans
- Affordable Housing Fund (AHF)
- Gobar-Dhan Yojna
- National Bamboo Mission: Rs. 1290 crore to be allocated

**Railways**

- 4000 kilometers of electrified railway network to be commissioned
- Mumbai's local train network to have 90 kilometers of double line tracks at Rs.11,000 crore cost
- 150 km of additional suburban network planned for Mumbai

**Airports**

- Airports capacity to be increased to handle more than five times to handle a billion trips a year

**Digital Economy**

- 5 lakh wifi hotspots will be set up to provide net-connectivity to five crore rural citizens
- 10000 crore for creation and augmentation of telecom infrastructure

## SPORTS

- India wins Under-19 World Cup 2018



- Navjot Kaur: First Indian woman to win gold medal at Asian Wrestling Championships



- Australian Open 2018: Roger Federer wins Men's Singles title

## AWARDS

- Architect Balkrishna Doshi wins Pritzker Prize



- Shesh Anand Madhukar honoured with Sahitya Akademi Bhasha Samman Award




- Vinod Paul: First Indian to receive WHO's Ihsan Dogramaci Family Health Foundation Prize



- Soumitra Chatterjee presented with France's Legion d'Honneur



## TRAGEDY



Bollywood female superstar **SRIDEVI** dies at 54 on 24th February 2018

**KUNWAR BAI:** 106-year-old icon for Swachh Bharat campaign passes away





India's Green Revolution pioneer **DR GURCHARAN SINGH KALKAT** passes away

Legendary astronaut, **MOONWALKER JOHN YOUNG** passes away



Best Wishes : Rivaan Vinay Shah, Mumbai


## KIDZONE


**Three little birds are hiding from the mother. Find 3 little birds.**




Four little bunnies were playing follow the leader. Two bunnies got tired and stopped to rest. Can you find them?





# તત્ત્વ પહેલી




**આડી ચાવીઓ :**

૧) જેટલું જાણ્યું એટલું વર્તનમાં આવે તેટલી ...... કહેવાય (૪)

૩) જગતમાં ..... ન હોય તો અહીં જ મોક્ષ હોત. (૨)

૭) મોહનીય કર્મ ૨ પ્રકારે છે એક દર્શનમોહ અને બીજો ..... (૫)

૮) ..... ની વિશેષ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. (૫)

૧૦) જેને આત્માનો ..... કરવો છે એ ઉંડા વિચાર અને ચિંતન કરે જ (૪)

૧૧) છયે દર્શન અને આત્માનાં છ પદ ..... માં સમાય છે. (૬)

૧૨) જ્ઞાન, દર્શન અને ચારિત્રને ...... કહે છે. (૩)

**ઊભી ચાવીઓ :**

૨) મોહનીય કર્મ બે પ્રકારે સમજવાનાં છે. એક ..... (૫)

૩) ..... પામવો સહેલો છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દૂર્લભ છે. (૨)

૪) હું કર્તા, હું સુખી, હું દુ:ખી એ વગેરે ..... જેનું ગલિત થયું છે તેને સર્વ સુખ છે. (૫)

૫) અંતર જગતમાં જવા માટં ઉંડા ..... જરૂરી છે. (૩)

૬) કર્મોને દબાવવા અથવા કષાયોની ઉપશાંતતા તે ...... છે. (૪)

૯) ...... અને પુરુષાર્થ એ શબ્દો સમજવા જેવા છે. ..... વેદ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. (૩)

૧૧) જ્ઞાનીને ઓળખો અને એની ..... આરાધો (૨)

સૌજન્ય : રીધાન વિનય શાહ, મુંબઈ




# Paneer & Makhana Tikkis
## (Makes 5 to 6 Tikkis)



**INGREDIENTS:**

1 Cup grated Paneer
1 Cup Roasted & Powdered Makhana
1 Tsp – Lemon Juice
½ Tsp – Cumin Seeds
1 Tsp – Green Chilli & Ginger Paste
Salt to taste.

**METHOD**

Mix all the above ingredients Add Chopped coriander leaves. Shape into round tikkis. Roll the tikkis in corn flour & shallow fry on a non stick pan. Serve hot with chutney or Ketchup.



# Pina Colada
## (12 to 15 glasses)

**INGREDIENTS:**

2 large Coconuts
1 tin pineapple Juice
1 Small family pack vanilla icecream
4 to 5 Tsp Pineapple Squash (Optional).

**METHOD**

Grate the Coconut. Add 5 to 7 Cups of water. Blend in a liquidizer. Strain and take out thick coconut milk. Add 2 Tsp Sugar & Chill it. Add pineapple juice, pineapple squash & Vanilla icecream. Allow it to melt.

# FORTHCOMING EVENTS

- 25th Mar 2018 - **Param Gyaan Sabha & Mahavir Jayanti Celebrations**
- 27th to 31st 2018 - **Topicwise Shibir**
- 31th Mar to 3rd Apr 2018 - **Sadhana Shibir**
- 08th Apr 2018 - **Param Gyaan Sabha**
- 10th to 15th Apr 2018 - **Topicwise Shibir**
- 22nd Apr 2018 - **Param Gyaan Sabha**
- 28th to 29th Apr 2018 - **InQuest Retreat - RIYF Shibir**
- 06th May 2018 - **Param Gyaan Sabha**
- 12th to 13th May 2018 - **Parents Youngsters Meet - RIYF Shibir**

Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am/11.10 pm
Om Shree Prem Acharayaji's Satsang is available live on **www.vitraagvigyaan.org**


**PUBLISHED BY:** Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

**EDITOR** : Dr. Meena Goshar. **DESIGN:** Hari Creation - 9561437108



**CORRESPONDENCE ADDRESS**

**ANANYA PARIVARTAN**

**C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre**

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22060477 Email: info@simpl.in


# From Us... to You

**ANANYA PARIVARTAN** contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-), 2 years (Rs. 750/-) or 3 years (Rs.1000/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues... & earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

FOR ANY QUERY CONTACT

| | | | |
|---|---|---|---|
| Ahmedabad | Priti Shah | 09898701070 | pritishah927@gmail.com |
| Anand | Amitbhai Shah | 09824081071 | pinami@yahoo.com |
| Bengaluru | Kiranben Sanghrajka | 09448906066 | kirankjs@yahoo.com |
| Chennai | Paresh Sanghvi | 09840202363 | pareshsanghvi@rediffmail.com |
| Delhi | Shakunji Jindal | 09971947111 | shakun.jql@gmail.com |
| Dhule | Dhirajlal P. Shah | 09423324822 | dpshah37@hotmail.com |
| Dubai | Satishbhai Pai | 07045378287 | satishspy@gmail.com |
| Gadag | Virendrabhai Lodaya | 09448165256 | pushpacotton@gmail.com |
| Hubli | Anilji Ostwal | 09448453747 | anilostwal@yahoo.co.in |
| Hyderabad | Paras Vora | 09505278201 | parasvora9@hotmail.com |
| Jabalpur | Kirtibhai Savla | 09300103641 | kirti_savla@yahoo.com |
| Jamshedpur | Meena Bhayani | 09430315223 | bhayanimeena10@gmail.com |
| Kolkata | Manojbhai Desai | 09831270630 | manojdesai02111962@gmail.com |
| Mumbai | SIMPL Office | 022 22060477 | info@simpl.in |
| Pune | Rupesh Gopani | 07875786100 | rgopani@gmail.com |
| Rajkot | Yogenbhai Doshi | 09824429750 | yogen72@gmail.com |
| Rajnandgaon | Sagar Jain | 09827977880 | sagar.sagarjain@gmail.com |
| Raipur | Vikas Kocheta | 08871912349 | kocheta.vk@gmail.com |
| USA | Hetalbhai Shah | +1 (647)283-4292 | hetalshah71@yahoo.com |
| USA | Reenaben Shah | +1(818) 859-8183 | reena_shah1@hotmail.com |
| Vadodara | Priyaben Vashi | 09376238819 | priyavashi24@yahoo.co.in |

**Best Wishes : Madhuben Sevantilal Shah, Mumbai**

# SPONSORSHIP – GYAN DAAN
## For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

| | |
|---|---|
| **Annual** | **: Rs. 3,00,000/- (For all 6 issues)** |
| **One Issue** | **: Rs. 50,000/-** |
| **Back Cover** | **: Rs. 9,000/-** |
| **Inside Front Cover** | **: Rs. 7,500/-** |
| **Inside Back Cover** | **: Rs. 6,000/-** |
| **Centre Spread** | **: Rs. 11,000/-** |

**FOR SPONSORSHIP, PLEASE CONTACT:**

**Dr. Meena Goshar** : 09819317038, mgoshar@yahoo.com

**Sanjiv Rawell** : 09820186548, sanjurawell@gmail.com

**Pratibha Chheda** : 09324715450, pratibhachheda06@gmail.com

**Dina Shah** : 09833822320, dinashah09@gmail.com

**Shrimad Rajchandra Aatma Tatva Research Centre**
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

**SUBSCRIPTION RATES**

❖ **One Year : Rs. 400/-** ❖ **Two Years : Rs. 750/-** ❖ **Three Years : Rs. 1000/-**

# ANANYA PARIVARTAN

**SHRIMAD RAJCHANDRA AATMA TATVA RESEARCH CENTRE**
703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
**Contact No:** 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

## Annual Subscription Form
(Please fill the form in capital letters)

Name of the Subscriber: ______________________________

Address of Delivery : ______________________________

______________________________ Landmark: ______________

City: ____________ PinCode: __________ State:____________ Country: __________

Tel: (R)______________________ (O)______________________

Mobile:______________E-mail:______________________

Mode of payment: Cash / Cheque / DD No. ______________ Dated ____________

Drawn on Bank ______________________________ for **Rs.** ________/-

**(Rupees** ______________________________ **only).**

Date: ___/___/_______ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

# શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રિસર્ચ સેન્ટર

## ભૂમિ પૂજન મહોત્સવ - ગદુલા, છત્તીસગઢ, માર્ચ - ૨૦૧૮














With Best Compliments From

Arunaben Rasiklal Shah - Mumbai

vitraag vigyaan

# Shrimad Rajchandra
## Aatma Tatva Research Centre

**RESEARCH CENTRE**

Raj Nagar, Post Gothavade, Parli, Taluka Sudhagadh, Off Khopoli-Pali Road, Dist. Raigad - 410205

Tel. : +91 2142 699091

**HEAD OFFICE**

702, Sharda Chambers, 15 New Marine Lines, Mumbai - 400 020

Tel. : +91 22 22005727

E-mail : info@vitraagvigyaan.org

Helpline : +91 99200 19903 (Queries regarding Research Centre, Satsang, Satsang Centres & Activities)



**With Best Compliments From**

**A Well Wisher - Delhi**